# વાર્તામેળો-૪

## વિદ્યાર્થીઓ અને શિક્ષકોની કલમે વહેતી વાર્તાઓ

સંપાદક

**દર્શા કિકાણી**

મુખ્ય પ્રાપ્તિસ્થાન

**બુક શેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

---

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

VARTAMALO-4
Compiled by Darsha Kikani
Book Shelf, Ahmedabad

© સંપાદકના

પ્રથમ આવૃત્તિ: ૨૦૨૦

કિંમત : ₹ ૧૦૦.૦૦

**પ્રકાશક**
હિરેન ભોગીલાલ શાહ

**બુક શેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

**ટાઈપ સેટિંગ**
**સ્ટાઈલસ ગ્રાફિક્સ**
અમદાવાદ

**મુદ્રક**
**યુનિક ઑફસેટ**
અમદાવાદ

# પ્રસ્તાવના

સતત ચોથા વર્ષે વાર્તામેળો અભિયાનના ઉપક્રમે આપ સૌને મળતાં ખૂબ ખૂબ આનંદ અને ગૌરવ થાય છે. બાળક વિચારતો થાય અને મૌલિક રીતે માતૃભાષામાં લખતો થાય તે માટેનું આપણું આ અભિયાન છે. બાળક માતૃભાષામાં બોલી ન શકે, લખી ન શકે કે વિચારી પણ ન શકે તો બાળકની દશા બહુ દયાજનક થાય, અને સાથે સાથે તે ભાષાની દશા પણ એટલી જ ખરાબ થાય. આવી પરિસ્થિતિ નિવારવા આપણે સૌ ભેગા મળીને કંઈક કરી શકીએ તેવી આશા સાથે આ કાર્ય આપણે શરૂ કર્યું છે. વર્ષોવર્ષ આપ સૌના સાથ અને સહકાર વધતા જાય છે તેથી અમારો આત્મવિશ્વાસ પણ વધતો જાય છે.

ગુજરાત-મુંબઈમાંથી ૧૬૦૦થી વધુ વાર્તાઓ આ વર્ષે અમને મળી છે. દરેક વર્ષે આપણે કંઈક નવું કરીએ છીએ. બીજા વર્ષે આપણે દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાથે સામેલ કર્યા. ત્રીજા વર્ષે શિક્ષકોને આપણી ટીમમાં લીધા. આ વર્ષે આપણે 'સ્વચ્છતા' શબ્દને વાર્તાના પહેલા ફકરામાં વાપરવાની કેવીએટ રાખી હતી.

★ 'સ્વચ્છતા' શબ્દને લીધે ઘણી વાર્તાઓ મળી જે ગ્રામ્ય વિસ્તારના બેકગ્રાઉન્ડમાં હતી અને સરપંચ, ખેતરો, ગાયભેંસ વગેરેની વાતોથી ભરપૂર હતી.

★ નાના રમૂજી ટુચકા પરથી મોટી મૌલિક વાર્તા બનાવી હોય તેવી વાર્તાઓ પણ આ વખતે વિજેતાના લિસ્ટમાં છે.

★ વિજ્ઞાન, રહસ્ય, અવકાશયાન જેવા સાંપ્રત વિષયો પર પણ વાર્તાઓ મળી છે.

★ આ વર્ષે પણ અંગ્રેજી માધ્યમની શાળાઓમાંથી સરસ વાર્તાઓ આવી છે.

★ સુંદર સજાવટ, રંગીન ચિત્રો, રંગબેરંગી અક્ષરો સાથે બહુ મોહક અને મનોરમ્ય રજૂઆત બાળકોએ કરી છે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આ વર્ષની વાર્તા-સ્પર્ધાની વિજેતા વાર્તાઓ ''વાર્તામેળો-૪'' વધુ લોકભોગ્ય રીતે પબ્લિશ થાય તેવા પ્રયત્નોના પરિણામ રૂપે આ સુંદર પુસ્તિકા 'બુક શેલ્ફ' દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. ગુજરાતી વેબસાઇટ્સ તો આપણી વાર્તાઓ વર્ષ દરમ્યાન પબ્લિશ કરતી જ રહે છે. આ વર્ષે સોશિયલ મીડિયાનો આપણને ઘણો સારો સહકાર મળ્યો છે. Humans of Ahmedabadમાં આપણી સ્ટોરી કવર થઈ. ત્યારબાદ FM Radio તથા ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમમાં પણ તે બહોળી રીતે કવર થઈ. ઈન્સ્ટાગ્રામ પર તો લગભગ ૪૦,૦૦૦થી વધારે લોકોએ આપણા અભિયાનને વધાવ્યું છે.

હવે આ વર્ષે ફેસબુક પર વાર્તામેળોનું પેજ બનાવવું છે જેથી આખું વર્ષ આપણો સંવાદ ચાલુ રહે. વાર્તા એટલે શું, સારી વાર્તા કોને કહેવાય, વાર્તા કેવી રીતે લખી શકાય વગેરે વિષયોની ચર્ચા આખું વર્ષ કરી શકાય તો આ અભિયાનને આપણે ઘણી ઊંચાઈએ લઈ જઈ શકીએ. આમને-સામને બધાને મળવાનું તો મુશ્કેલ છે. એટલે ટેક્નોલૉજી અને સોશિયલ મીડિયાની મદદથી આપણે આ કાર્ય કરીશું જેમાં વિદ્યાર્થીઓ

સહિત વાલીઓ, શિક્ષકો અને શાળાઓ અથવા કોઈ પણ ગુજરાતીભાષી ભાગ લઈ શકે છે અને મદદ કરી શકે છે.

જનજીવનની ભાષાનાં અનેક વિશષ્ટ પાસાં છે : કાયદો, ટેક્નોલૉજી, રમતગમત, પર્યાવરણ, વિજ્ઞાન... વિદ્યાર્થીઓને ભાષાનાં અલગ અલગ પાસાંઓનો પરિચય થાય તે માટે ઇનામ વિતરણ સમારોહમાં નીચેના બે તજજ્ઞોએ હાજર રહી આપણા આ પ્રયાસને આગળ ધપાવ્યો છે :

**શ્રીમતી સ્વાતિબેન સોપારકર** : કાયદાના વિદ્વાન, ભાષા પર સારું પ્રભુત્વ ધરાવનાર અને વિદ્યાર્થિનીઓ માટે એક સારું રોલ મૉડલ પૂરું પાડનાર

**શ્રી હિમાંશુભાઈ કિકાણી** : 'સાયબર સફર' મૅગેઝિનના તંત્રી, ભારે ટેક્નોલૉજીની વાત સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરનાર

સ્પર્ધામાં આવતી વાર્તાઓને સરખો ન્યાય મળે તે માટે પ્રાથમિક મૂલ્યાંકન કરવામાં મને શ્વેતલ ગજ્જર અને નંદિની ભાવસારે ઘણી મદદ કરી છે. બંને બહેનોની આવડત અને મહેનત પર આ રિઝલ્ટનો ઘણો આધાર હોય છે. આભાર, શ્વેતલ અને નંદિની.... સોશિયલ મીડિયામાં ફરતી અંગ્રેજી વાર્તાઓનો ગુજરાતી અનુવાદ અથવા બીજે ક્યાંકથી કોપી થતી હોય તેવો આભાસ અમે ભાષા નિષ્ણાતની મદદથી દૂર કરીએ છીએ અને આવી વાર્તાઓ બાકાત કરી વિદ્યાર્થીઓએ જાતે લખેલ સારી વાર્તાને અન્યાય ન થાય તેનું ધ્યાન રાખીએ છીએ. ફાઇનલ પસંદગીમાં આ વર્ષે ભાષા નિષ્ણાત તરીકે જાણીતા લેખકો શ્રી યોસેફ મૅકવાન, શ્રી નટવરભાઈ પટેલ અને શ્રીમતી લતાબહેન હિરાણીએ સેવા આપી છે. આપ સૌનો આભાર. ડિઝાઇન કામ માટે દેવપાલ શાહનો આભાર. મારા પતિદેવ શ્રી રાજેશ કિકાણીનો આભાર તો કેવી રીતે માનવો ? તેમની તન-મન-ધનની મદદ વિના આ કંઈ જ શક્ય ન હતું.

સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધક, તેને પ્રોત્સાહન આપનાર તેના મિત્રો, વાલીઓ, શિક્ષકો... સૌનો આભાર. આ કામ આપણા સૌનું છે અને આપણે ભેગા મળીને તે કરવાનું છે.

આભાર

**દર્શા કિકાણી**

૧૨ જૂન, ૨૦૨૦

## Winners of Story Competition 2020 : Students

| No. | Name | Story |
|---|---|---|
| ૧ | પ્રથમ ઇનામ,<br>મુસ્કાન રાજ<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | સરોવરનું સફેદ ફૂલ |
| ૨. | દ્વિતીય ઇનામ,<br>હેત પટેલ<br>શેઠ શ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિર, સુરત | સૂઈ રહેવાના ચાર લાડુ |
| ૩. | તૃતીય ઇનામ,<br>ઓમ પટેલ<br>શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ | સુંદરપુરનો સૂરજ |
| | | |
| | **પ્રોત્સાહન ઇનામ** | |
| ૧ | ઝીલ વ્યાસ<br>શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ | ચતુર ચિન્ટુ |
| ૨ | કાપડિયા ધર્મિન<br>વી. ડી. દેસાઈ પ્રાથમિક શાળા, સુરત | અસુરોનાં હાડકાં |
| ૩ | અવનિ મકવાણા<br>BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ | અંબાદાદાની યાત્રા |
| ૪ | આયુષી નકુમ<br>BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ | સફળતાનું ફળ |
| ૫ | પટેલ માનવ<br>પરફેક્ટ સ્કૂલ, આકોદરા | ડોસી ડોસાને ખાઈ ગઈ |

## Winners of Story Competition 2020 : Teachers

| No. | Name | Story |
|---|---|---|
| ૧ | પ્રથમ ઈનામ<br>દહિયા દ્યુતિ<br>શેઠ સી. એન. વિદ્યાલય, અમદાવાદ | પ્રશ્નાર્થ ચિહ્ન |
| ૨ | દ્વિતીય ઈનામ<br>તન્વી ટંડેલ<br>નારધા પ્રાથમિક શાળા, જિ. છોટા ઉદેપુર | રીંગણનું ભડથું |
| ૩ | તૃતીય ઈનામ<br>છાયા દવે<br>એમ. એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા | ઘર |
| | | |
| | **પ્રોત્સાહન ઇનામ** | |
| ૧ | ચૈતાલી સુતરિયા<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | દિલ |
| ૨ | જાદવ નરેન્દ્રસિંહ<br>બોડીઘોડી પ્રા. શાળા, બેડીઘોડી, રાજકોટ | હાથીનું બચ્ચું |
| ૩ | જેસંગ જાદવ 'રશ્મિ'<br>પે. સે. કુમાર શાળા, ધોળકા, અમદાવાદ | અલાર્મ |
| ૪ | ખેર સુમિતાબેન<br>આર્યમ એજ્યુકેશનલ એકેડેમી, સુરત | ભાગ્યવિધાતા |
| ૫ | મનીષા મોહનભાઈ<br>ઈડર તાલુકા શાળા-૧, ઈડર | નિશાળનો તરવરાટ |

# અનુક્રમણિકા


૧. પ્રશ્નાર્થચિહ્ન ........................................ ૮

૨. રીંગણનું ભડથું ........................................ ૧૪

૩. ઘર ........................................ ૧૮

૪. દિલ ........................................ ૨૦

૫. હાથીનું બચ્ચું ........................................ ૨૩

૬. અલાર્મ ........................................ ૨૫

૭. ભાગ્યવિધાતા ........................................ ૨૯

૮. નિશાળનો તરવરાટ ........................................ ૩૨

૯. સરોવરનું સફેદ ફૂલ ........................................ ૩૬

૧૦. સૂઈ રહેવાના ચાર લાડુ ........................................ ૪૦

૧૧. સુંદરપુરનો સૂરજ ........................................ ૪૩

૧૨. ચતુર ચિન્ટુ ........................................ ૪૫

૧૩. અસુરોનાં હાડકાં ........................................ ૪૭

૧૪. આંબાદાદાની યાત્રા ........................................ ૪૯

૧૫. સફળતાનું ફળ ........................................ ૫૧

૧૬. ડોસી ડોસાને ખાઈ ગઈ ........................................ ૫૫

# પ્રશ્નાર્થચિહ્ન



નિત્યક્રમ મુજબ આજે પણ સાંજ પડતાં જ નિરવે ઘરની પાસે આવેલા બગીચા તરફ ચાલવાનું શરૂ કર્યું. રસ્તા પરનાં વાહનોનો ઘોંઘાટ કોઈપણને વિચલિત કરી દે તેવો હતો પણ નિરવ પોતાની દુનિયામાં એટલો ખોવાયેલો હતો કે બાહ્ય દુનિયા એના પર હવે અસર કરતી ન હતી. નિરવ બગીચામાં પ્રવેશ્યો. બાળકોના કોલાહલ, વૃદ્ધોની ગપસપ અને પક્ષીઓના અવાજથી આખોયે બગીચો મઘમઘતો હતો અને હવામાં એક અજબ સ્વચ્છતા હતી. નિરવે ચાલવાનું શરૂ કર્યું. બાગમાં બાળકો પોતાના મિત્રો સાથે તો કોઈક પોતાનાં માતા-પિતા સાથે રમી રહ્યાં હતાં. તો વળી બીજા એક ખૂણે વૃદ્ધો મળીને મોટે મોટેથી હસી રહ્યા હતા. નિરવ ચાલતાં ચાલતાં આ બધાને જોઈ રહ્યો હતો. બાગના એક પણ દૃશ્યમાં એટલી તાકાત ન હતી કે તે નિરવના નિર્દોષ મુખ પર સ્મિતની એક ઝલક લાવી શકે. અંધારું થવાની તૈયારી હતી. નિરવે ઘર તરફ પ્રયાણ શરૂ કર્યું. રોજની માફક નિરવનું રાતનું ભોજન ડાઈનિંગ ટેબલ પર પડ્યું હતું. નિરવ જમીને પોતાના રૂમમાં જઈને સૂઈ ગયો.

સવારે બરોબર ૬ વાગ્યે નિરવ પિતાના એક જ અવાજથી ઊઠી ગયો. પોતાનું તમામ કામ પતાવી શાળાની બૅગ ભરીને નિરવ વાનની રાહ જોવા લાગ્યો. નિરવ જેટલું બને તેટલું ઓછું બોલતો. વાનમાં પણ છોકરાઓ મસ્તી મજાક કરતાં હોય ને નિરવ બારીની બહાર જોયા કરતો. હવે જાણે કે વાનનાં છોકરા-છોકરીઓને પણ નિરવના હોવાપણાનો કોઈ ફેર જણાતો નહીં. શાળામાં પહોંચતાની સાથે જ નિરવ હંમેશાં વર્ગની છેલ્લી પાટલી પર બેસી જતો. મોટાભાગે નિરવ એકલો જ બેસતો, સિવાય કે સજાના ભાગરૂપે તેને બીજા વિદ્યાર્થીઓ સાથે બેસાડવામાં આવે. વર્ગમાં બીજા વિદ્યાર્થીઓ સાથે બેસવું એ જાણે કે નિરવ માટે મોટામાં મોટી સજા હતી.

શાળામાં નિરવને કોઈ નામથી બોલાવતું નહીં. શાળામાં નિરવનું નામ હતું -- "Question Mark" શાળાના વિદ્યાર્થીઓ નિરવને Q. M. કહીને જ બોલાવતા. અને તેની હાંસી ઉડાવતા. નિરવના મોં પર હંમેશ Q. M. (Question Mark) જ રહેતો. કોઈ અભેદ રહસ્ય તેના મોં પર હંમેશાં છવાયેલું રહેતું. આજ સુધી નિરવને કોઈએ હસતા કે રડતા જોયો ન હતો. આખો વર્ગ અરે ! આખી શાળા નિરવને Q. M. કહીને ચીડવતી... કદાચ રડાવવાનો પ્રયત્ન કરતા, પણ નિરવના મોં પર ક્યારેય કોઈ ભાવ જોવા ન મળતો. કદાચ દુનિયાની કોઈ બાબત તેને ખુશ કરી શકે તેમ ન હતી કે દુનિયાનું કોઈ દુઃખ તેને રડાવી શકે તેમ ન હતું. તે ખૂબ મૂંઝાતો, ચિડાતો, દુનિયાના છેલ્લા ખૂણે સંભળાય તેવી ચીસો તેની અંદર ઊભી થતી પણ કોણ જાણે કેમ એ ચીસો ક્યારેય એના મોંમાંથી બહાર ન આવી શકતી. વણઉકેલાયેલ પ્રશ્નો અને તેને કારણે ઊભી થયેલી ઉદાસીએ નિરવ પર પોતાનું પ્રભુત્વ જમાવી દીધું હતું અને એટલે જ તે જીવનમાં પણ ''નિરવ'' થઈ ચૂક્યો હતો. શિક્ષકો પણ તેને Q. M. કહીને બોલાવતા. આખોયે વર્ગ તેની મજાક ઉડાવતો અને નિરવ જાણે નીચું જોઈને પોતાના જ અપમાનની સાક્ષી પુરાવતો. આજ સુધી કોઈ જાણી શક્યું ન હતું કે આ Q. M.નો પ્રૉબ્લેમ (સમસ્યા) શું છે ?

શાળાની એ સવાર કંઈક અલગ હતી. શાળાનાં બધાં જ વિદ્યાર્થીઓ શાળામાં હાજર થયેલાં એક નવા શિક્ષિકાને જોવા માટે આતુર હતાં. પ્રાર્થના સમય દરમ્યાન બધા જ વિદ્યાર્થીઓ રોજ કરતાં થોડી વધુ ઝડપથી પ્રાર્થના મંદિરમાં પહોંચી ગયાં. બધાં જ વિદ્યાર્થીઓની નજર નવા આવેલા શિક્ષિકા તરફ હતી. પ્રાર્થના પૂર્ણ થતાં આચાર્યશ્રીએ નવા આવેલા શિક્ષિકાનો પરિચય આપ્યો તથા સ્વાગત કર્યું. બધાની નજર જ્યારે સ્ટેજ પર હતી ત્યારે કદાચ એક નિરવ જ નજર નીચી કરીને બેઠો હતો. તેની પાસેથી કીડીઓની એક હાર પસાર થઈ રહી હતી. દરેક કીડી બીજી કીડીને કંઈક કહી રહી હતી. તેમની વાચાનું મૌન પણ એટલું જ અકળ હતું જેટલું નિરવનું.

બીજા દિવસે સવારે નિયમિત ક્રમ પ્રમાણે નિરવ વર્ગની સૌથી છેલ્લી બૅન્ચ પર બેઠેલો હતો. નિરવના વર્ગમાં આજે પહેલો જ તાસ નવા આવેલા શિક્ષિકાનો હતો. બધા જ વિદ્યાર્થીઓ ખૂબ ખુશ હતા. કોઈ શિક્ષકના વર્ગમાં આવવાથી વિદ્યાર્થીઓ ખુશ હોય તેવું ભાગ્યે જ જોવા મળતું. પણ આજે એ વિરલ દશ્ય

જોઈ શકાય તેમ હતું. મારું નામ -- ''ગુણાક્ષી રાજપૂત.'' ''આમ તો તમે સૌ હવે મને ઓળખો છો, પણ હું તમારાથી હજુ અપરિચિત છું. તો ચાલો તમારી ઓળખાણ કરાવો. ડોન્ટ ફીલ ફિઅર, બી ફ્રી, ઓ. કે.'' -- ગુણાક્ષીએ આટલું જ કહેતાં આખોયે વર્ગ જાણે કે હિલોળે ચડ્યો. ''હું પહેલા... હું પહેલા...'' ગુણાક્ષીએ બધાને શાંત કર્યા અને વારાફરતી બાળકોને પોતાની ઓળખ આપવા કહ્યું. આખોયે વર્ગ જાણે બોલવામાં, સાંભળવામાં અને તોફાન કરવામાં મસ્ત હતો. ગુણાક્ષીની નજર આખાયે વર્ગમાં ફરતી હતી. સૌથી છેલ્લી પાટલી પર બેઠેલો નિરવ નીચી નજરે પોતાની દુનિયામાં ખોવાયેલો હતો. તેણે એક વાર પણ નજર ઊંચી ન કરી. વિદ્યાર્થીઓ એટલા બધા ઉત્સાહી હતા કે ગુણાક્ષી માટે એ છેલ્લી પાટલી પર બેઠેલો વિદ્યાર્થી કોણ હતો ? એ જોવું પણ મુશ્કેલ હતું. ત્યાં તો વર્ગમાંથી એક અવાજ આવ્યો, ''હવે Q. M. (Question Mark) પોતાની ઓળખ આપશે. હજુ તો આ વાક્ય પૂરું બોલાયું પણ નહીં હોય ત્યાં તો આખો વર્ગ ખડખડાટ હસી પડ્યો અને ગુણાક્ષીના મોં પર આશ્ચર્ય છવાઈ ગયું.''

"Question Mark ? એટલે કોણ ?'' ગુણાક્ષીએ પૂછ્યું ને આખો વર્ગ છેલ્લી પાટલી પર એકલા બેઠેલા નિરવ તરફ તાકી રહ્યો. નિરવ હજુ પણ નીચે જ જોતો હતો. ગભરાહટથી તેના પગ એટલા ધ્રૂજતા હતા અને તેના કપાળ પર પરસેવો છૂટવા લાગ્યો જાણે કે પોતાની આંખોને, પોતાના સમગ્ર વ્યક્તિત્વને જમીનની અંદર ખોપી દેવા માંગતો હોય. એટલો ભાર આંખો પર મૂકીને તે નીચે જ જોયા કરતો હતો. ગુણાક્ષીએ કહ્યું ''બેટા ! ઊભો થા, તારું નામ શું છે ?'' નિરવ તરત જ ઊભો થઈ ગયો પણ તેની આંખો હજુ પણ નીચે જ જોયા કરતી હતી. ગુણાક્ષીએ ફરીથી પૂછ્યું ''તારું નામ શું છે !'' ત્યાં તો આખો વર્ગ એક સાથે બોલી ઊઠ્યો, "Question Mark." ગુણાક્ષીએ વિદ્યાર્થીઓને શાંત થવા કહ્યું. આગળની હરોળમાં બેઠેલા એક વિદ્યાર્થીએ ગુણાક્ષી પાસે જઈને કહ્યું, ''ટીચર ! તેનું નામ ''નિરવ'' છે. તે તમારું કહેલું બધું જ સાંભળશે, માનશે પણ ખરો. પણ એ નજર ઊંચી નહીં કરે.'' ગુણાક્ષીથી તરત જ બોલી જવાયું, ''કેમ ?'' વિદ્યાર્થીએ જવાબ આપ્યો, ''એનું કારણ કોઈ જાણતું નથી. એટલે જ તો એનું નામ Question Mark રાખ્યું છે. કોઈ જાણતું નથી કે તે આવું વર્તન શા માટે કરે છે ?'' ત્યાં તો વર્ગ પૂરો થયાનો બેલ વાગ્યો અને છોકરાઓ રિશેષ માણવા વર્ગની બહાર દોડી ગયા.

કદાચ સમયને કોઈના પણ માટે અટકવાનો સમય નથી. દિવસો વીતતા ગયા. ગુણાક્ષીનો રોજનો એક તાસ નિરવના વર્ગમાં રહેતો. ગુણાક્ષી વિદ્યાર્થીઓને ખૂબ સરસ ભણાવતી, વાર્તાઓ કહેતી અને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવતી. બાળકોને ગુણાક્ષીનો તાસ ખૂબ ગમતો. ગુણાક્ષીને પણ બાળકો ખૂબ ગમતાં. તેણે આખાયે વર્ગનું દિલ જીતી લીધું હતું. સિવાય એક નિરવ ! -- ગુણાક્ષીની નજર નિરવને જોયા કરતી. તેને સમજવા મથ્યા કરતી પણ નિરવની એ જ અકળ ભોંયતળિયા તરફની નજરને એ એક રતીભાર પણ ઊંચી કરી શકી ન હતી. ગુણાક્ષીએ નિરવને વ્યક્તિગત રીતે સમજાવવાના, પૂછવાના ઘણા પ્રયત્નો કરેલા પણ નિરવે આજ સુધી તેનું મૌન તોડ્યું ન હતું.

ઘણા દિવસથી ગુણાક્ષી વિચારતી હતી કે તે નિરવના ઘરે જઈને તેના માતા-પિતા સાથે નિરવનાં વર્તન વિશે વાત કરશે. તે દિવસે નિરવ શાળામાં ગેરહાજર હતો. ગુણાક્ષીએ શાળાથી છૂટીને નિરવના ઘરે જવાનું નક્કી કર્યું. બેથી ચાર વાર ડોર બૅલ વગાડ્યા પછી નિરવના ઘરનો દરવાજો ખૂલ્યો. ગુણાક્ષીએ પોતાનો પરિચય આપ્યો અને તેને અંદર પ્રવેશ મળ્યો. વાતની શરૂઆત કેવી રીતે કરવી એ ગુણાક્ષી માટે મુશ્કેલ હતું. પણ તેણે શરૂઆત કરી -- ''નિરવ, નિરવ ક્યાંય દેખાતો નથી...'' નિરવની માતાએ જવાબ આપ્યો કે ''આજે એ શાળાએ ગયો ન હતો, અને એ બાજુના બગીચામાં ગયો છે.'' ''શા માટે ?'' એનું કોઈ કારણ નિરવના માતા પાસે ન હતું. પણ નિરવની ઉદાસીનું કારણ કદાચ ગુણાક્ષીને મળી ગયું હતું.

હું નિરવની જન્મદાત્રી માતા નથી. નિરવની માતાનું મૃત્યુ જ્યારે તે આઠેક વર્ષનો હતો ત્યારે થઈ ગયું હતું. તેના પિતા દ્વારા નિરવને જેટલું કહેવામાં આવે છે એટલું એ શબ્દસહ માને છે. પણ, ક્યારેય કોઈ વાત, કોઈ પ્રશ્ન કે કોઈ દલીલ કરતો નથી. તેના પિતા કહેતા હતા કે જ્યારથી તેની માતાનું મૃત્યુ થયું ત્યારથી તે બોલતો જાણે કે બંધ થઈ ગયો છે. નિત્યક્રમ મુજબ એ શાળાએ જાય છે, જમી લે છે અને પોતાના રૂમમાં જતો રહે છે. રાત્રે માત્ર જમવા સમયે એ બહાર નીકળે છે. અને જ્યારે શાળાએ ન જાય ત્યારે બાજુમાં આવેલા બગીચામાં જ સમય પસાર કરે છે. તેના પિતા કહેતા હતા કે જ્યારે તેની માતાનું મૃત્યુ થયું ત્યારે એ રડ્યો પણ ન હતો અને સતત એ એક જ પ્રશ્ન પૂછતો હતો ''કેમ ?'' ''મારી જ માતા કેમ ?'' પણ એને જે પણ સમજાવવામાં આવ્યું તે તેની સમજની બહાર હતું. ત્યાર પછીથી નિરવે એક પણ પ્રશ્ન પૂછ્યો નથી.

આટલું સાંભળતાં ગુણાક્ષીની આંખો આંસુઓથી ઊભરાઈ ગઈ. તે કશું જ ન બોલી શકી. અને તેણે ગળગળા અવાજે ત્યાંથી જવાની પરવાનગી માંગી અને નીકળી પડી. તે રાત્રે ગુણાક્ષીને ઊંઘ ન આવી. નિરવના વિચારો, તેનું મૌન ગુણાક્ષી પર એટલું હાવી થઈ ગયું કે ગુણાક્ષીને ક્યાંય ચેન ના પડ્યું. તે રાત્રે ગુણાક્ષીને સમજાયું કે દુનિયામાં એવાં તો કેટલાંયે બાળકો છે જે ખૂબ નાની ઉંમરે પોતાનાં માતા-પિતાને ગુમાવી દે છે, અને તે બાળકો જે માનસિક સંઘર્ષમાંથી પસાર થાય છે તે સંઘર્ષ કદાચ વિશ્વયુદ્ધ કરતાં પણ વધારે વિનાશક અસર પહોંચાડે છે. ગુણાક્ષીને નિરવ માટે ખૂબ લાગણી હતી. તે નિરવનું મૌન તોડવા તેને હસતો કરવા કોઈ પણ હદ સુધી જવા તૈયાર હતી. પણ શું કરવું ? તે તેને સમજાતું ન હતું.

બીજા દિવસે ગુણાક્ષી અસ્વસ્થ હતી પણ સ્વસ્થતાનું મહોરું ચડાવીને તે શાળાએ પહોંચી. તેણે પ્રથમ તાસમાં ખાતરી કરી લીધી કે નિરવ તે દિવસે શાળાએ હાજર હતો. નિરવના વર્ગમાં તેનો બીજો તાસ હતો. ગુણાક્ષીએ આજે નક્કી કર્યું હતું કે આજે એ એક શિક્ષિકા નહીં પણ એક મા બનશે.

ગુણાક્ષી એક અલગ જ વિશ્વાસ સાથે વર્ગમાં પ્રવેશી. આજે ગુણાક્ષીએ તેના વિષયનો એક એવો પાઠ ભણાવવાનો હતો જેનું નામ હતું, "Mother-A Wonderful Creation" તેણે વર્ગમાં જઈને બાળકોને ધ્યાનથી જોયાં. નિરવને પણ જોયો. એવો જ છેલ્લી પાટલી પર, ''નિરસ, મૌન, નીચી નજર... અકળ.''

ગુણાક્ષીએ શરૂઆત કરી --''વિદ્યાર્થીમિત્રો આજે આપણે એક ખૂબ સુંદર પાઠ ભણીશું. જે ''માતા'' પર આધારિત છે. પણ, તે પહેલાં તમારે સૌએ મને તમારી માતા વિષે થોડું કહેવાનું છે. ઘણા બધા છોકરાઓએ પોતાનો હાથ ઊંચો કરીને બોલવાની તૈયારી બતાવી. ગુણાક્ષીએ બે-ત્રણ છોકરાઓ પાસે તેમના વિચારો રજૂ કરાવ્યા. છોકરાઓ ખૂબ ખુશ હતા. આ વિષય તેમના માટે એટલો સરળ હતો કે તેઓ ખૂબ સરળતાથી પોતાના વિચારો રજૂ કરતા હતા. ગુણાક્ષીએ મોકો જોઈને વર્ગમાં જાહેરાત કરી કે ''હવે નિરવ પોતાના વિચારો રજૂ કરશે.'' આખો વર્ગ હસી પડ્યો ને બોલી ઊઠ્યો... "Question Mark... Question Mark" ગુણાક્ષીએ નિરવને સ્ટેજ પર બોલાવ્યો. બધા શાંત થયા. નિરવ નીચી નજરે સ્ટેજ પર આવ્યો પણ ચૂપચાપ ઊભો રહ્યો. ગુણાક્ષીએ તેને કહ્યું, ''નિરવ, બોલ તને મનમાં જે વિચાર આવે એ બોલ, બેટા !'' તો પણ નિરવ કશું જ બોલ્યો નહીં. વર્ગમાંથી એક છોકરો ઊભો થયો ને બોલ્યો, ''ટીચર ! એ નહીં બોલે.'' ત્યાં તો બીજો વિદ્યાર્થી બોલ્યો, ''ટીચર ! એ Question Mark છે. એ કંઈ નહીં બોલે. તેને બોલતાં જ નથી આવડતું.'' ત્યાં તો એક વિદ્યાર્થી બોલ્યો, ''ટીચર ! તેની મમ્મી હોય તો એ બોલેને ? તેને શું ખબર મમ્મી એટલે શું ?'' ત્યાં તો આખો વર્ગ હસી પડ્યો. આ બાળકો તેમની ઉંમરને કારણે એટલાં નિર્દોષ હતાં કે ક્યાં હસવું ને ક્યાં ન હસવું તેની પણ તેમને સમજ ન હતી. ગુણાક્ષીએ પણ તેમને રોકવાનો પ્રયત્ન ન કર્યો. જાણે ગુણાક્ષી ઇચ્છતી હતી કે આજે વિદ્યાર્થીઓ નિરવની મજાક ઉડાવે.

નિરવ નીચી નજરે આખા વર્ગની સામે ઊભો હતો. તેની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવાં લાગ્યાં. તેની નીચી નજર આજે આંસુઓથી ભરાઈ ગઈ. ગુણાક્ષીએ તેને પૂછ્યું, ''નિરવ, તારા મમ્મી નથી ?'' ''તને ખબર છે કે મમ્મી એટલે શું ?'' નિરવ હીબકાં ભરતો હતો પણ હજુ પણ એના મોંમાંથી એક અક્ષર પણ ન નીકળ્યો. વર્ગમાંથી એક વિદ્યાર્થી ઊભો થયો અને તેણે ગુણાક્ષીને જાણ કરી કે ''ટીચર ! તેના મમ્મી તો છે, પણ તે તેના સાચા મમ્મી નથી, ખોટા મમ્મી છે. અને નિરવ તેમની સાથે પણ કશું બોલતો નથી.'' ગુણાક્ષીથી ન રહેવાયું. તે નિરવની નજીક ગઈ. તેણે નિરવને પૂછ્યું, ''નિરવ ! બેટા કંઈક તો બોલ.'' વર્ગમાં નિરવ શાંતિ છવાઈ ગઈ. ત્યાં તો નિરવ ગુણાક્ષીને ભેટી પડ્યો. નિરવની આંખોમાંથી અનરાધાર આંસુઓ વહેવાં લાગ્યાં; આજે કદાચ એ ખૂલીને રડ્યો હતો. ગુણાક્ષી પણ રડી પડી અને નિરવને ભેટી પડી. એ જ નિરવની મજાક ઉડાવતાં છોકરાઓ આજે એકદમ ચૂપ થઈ ગયાં. તેઓ પણ સમજી ગયાં કે નિરવનાં આંસુ નિરર્થક ન હતાં.

ગુણાક્ષીએ હિંમત કરીને નિરવને પૂછ્યું -- ''નિરવ ! મારે આજે તારો અવાજ સાંભળવો છે. માની લે કે હું જ તારી માતા છું અને મારે તારા મુખે મારું નામ સાંભળવું છે.'' હજારો ટનનું વજન જાણે કે નિરવ તેની આંખોથી ઊંચકતો હોય તેમ તેણે પોતાની આંખો ઊંચી કરી. કદાચ આજ પહેલી વાર બધાંએ નિરવની આંખોને... તેની નજરને ઉપર ઊઠેલી જોયી. ગુણાક્ષી બોલી, ''નિરવ ! એક વાર ''ટીચર'' એટલું તો બોલ... ''પ્લીઝ ! બેટા !'' સમય જાણે આજે થંભી ગયો હતો. આજે સમયને પણ આગળ વધવાનું મન ન થયું.

નિરવ બોલ્યો, ''ટીચર ! ના ટીચર નહીં મમ્મી.'' ત્યાં તો ગુણાક્ષી જાણે તૂટી ગઈ. તેણે નિરવને ગળે વળગાડ્યો અને તેના કાનમાં કહ્યું, ''નિરવ ! તું કદાચ દુનિયાનો શ્રેષ્ઠ બાળક છે જે પોતાની માતાને ગુમાવવાથી પોતાની વાચા પણ ગુમાવી બેઠો, એટલે તું નિરવ ! એટલે જ તારા મમ્મી...'' નિરવે ગુણાક્ષી સાથે આંસુભરી નજર મિલાવી અને ફરીથી તેને ભેટી પડ્યો.

વર્ગમાં શાંતિ છવાઈ ગઈ. વાતાવરણમાં હળવાશ હતી. રિસેસની ઘંટડી વાગી પણ આજે કોઈને વર્ગની બહાર જવાની ઉતાવળ ન હતી. આજે Question Markને પોતાનો જવાબ મળી ગયો હતો અને કદાચ માતા પણ.

**પ્રથમ ઈનામ**

**– દહિયા દ્યુતિ ડી. (શિક્ષિકા)**
*શેઠ સી. એન. વિદ્યાલય, અમદાવાદ.*

★

# રીંગણનું ભડથું



બે દિવસથી સતત વરસતો વરસાદ આજે થંભી ચૂક્યો હતો. વાતાવરણમાં ભીનાશ હતી. વાદળછાયા વાતાવરણ વચ્ચે સૂર્યનો આછો પાતળો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. તાજગીભર્યાં સ્પંદનો લોકોમાં આકાર લઈ રહ્યાં. સુમી વહેલી સવારમાં ઊઠી આખું આંગણું ચોખ્ખું કરી જ દે. એ સ્વચ્છતાની આગ્રહી. એટલે એની નાનકડી ઝૂંપડીમાં એક એક સરસામાનમાં વ્યવસ્થા ઝલકાય. ઘરનું કામ પતાવી સવારમાં ભાથું લઈ સુમી ખેતરે જવા નીકળતી હતી. ત્યાં જ બાજુવાળી રેવા સામેથી આવતી નજરે પડી.

‘‘અલી હાલ... ફટાફટ બે-ત્રણ દિ’નો વરહાદ ખમ્યો સે આજ, તો નિંદામણ ઝટ કરવા જવું જોહે.’’

‘‘એ હા... હેંડ આ કમાડ વાસતી ’તી.’’

બંને સખીઓ દાતરડું લઈ વાતોનો ખજાનો રેલાવતી ખેતરની વાટે ચાલવા લાગી. રેવા ને સુમી બંને ઉંમરમાં સરખી. લગ્ન કરીને આવ્યાં ત્યારથી પાક્કી સખીઓ. બંનેની જીવનની કરુણ સામ્યતા ગણો તો પતિ પક્ષે, બન્ને દારૂડિયા. રેવાનાં લગ્નનાં ત્રણ વર્ષ થવાં આવ્યાં ને સુમીને બે. બંનેનો દાંપત્ય બાગ હજુ પુષ્પવિહોણો હતો. રેવાના સાસરે પરિવારમાં સાસુ, સસરા ને પતિ જ્યારે સુમીને માત્ર બીમાર સાસુ. લગ્ન

કરીને આવી ત્યારથી સુમી બીમાર સાસુની પૂરા સમયની પરિચારિકા બની ગઈ હતી. મજૂરીએ જઈ થોડું ઘણું કમાતી ને એમાં જ જીવવા માટે જરૂરી કરિયાણું આવી રહેતું. દારૂડિયો પતિ સુમીની મજૂરી પર એશ કરતો ને ક્યારેક તો સુમીના પૈસાય ઉડાવી દેતો. રેવા આગળ પોતાનાં દુઃખો કહીને ઘણી વાર સુમી રડી પડતી. રેવા આશ્વાસન આપવા સિવાય મદદ કરી શકે એવું ઠેકાણું એના પોતાના જીવવનું પણ ન્હોતું. રેવાનું ઘર સુમી કરતાં સારું ને સાસુ, સસરાની પોતાની જમીન એટલે પૈસાની તંગી ઓછી. પોતાની સખીને પોતાના ખેતરમાં મજૂરીએ એ બોલાવતી. સાસુ ને પતિની બીકે વધુ મદદ કરે તો એના શરીરે એ મદદના ઉઝરડા નક્કી જ હોય.

''સુમી આજ ખાવાનું કર્યું સે કે પછી... અપ્પાસ હાલે.''

''એ મુ રોટલા ઘડીને જ લાઈ સુ. બપોરના ટેમે જાઈશું ભેગીઓ ત્યાર વાડીએથી રીંગણાં તોડી જાસું. જઈને સાંજનું ભડથું શેકી નાકહી.''

''સુમી તું સે ને વરહના ટેઈણ સો દાડા બસ રેંગણાં જ ખાજે હો.''

''રેવા તારાથી સુ સુપાવું હું. ગઈ રાતનો હજુ દેખાયો નથી મારપિટીયો. બોલો સિંતા જેવું કશું સ જ નહિ. પણ પોતાના આદમીની સિંત્યા આપણે અસ્ત્રી ને તો ખરી ન. માં ખાટલે સૂતા સૂતા ખોં ખોં કર હ્, તે મારથી ના દેખાણું તી જે બસત હતી તે દવા લાવવા પૈસા આલ્યા તા. ત્યારનો આયો નથી ઘરમો. બપોરે ખેતરનું આટલું તારું કામ પતાવી આલુ પસ એને સોધવા જાવું પડસે.''

''સુમી, હશે નયાં બાવળિયા કને ! મારા વલ્લભ બેળો. બંને હરામી જેટલું દેખે એટલું ઝેર ગટગટાવે જ જાય.''

''હાલ... ભેળાં જાયીએ નયા...''

''પણ તારા ખેતરનું... આજ તો નીંદવું જ પડશે નહીંતર તારા સાસુ મને મજૂરીએ નહિ ભાળે તો તારું આવી બનસે.''

''નકખોદ જાય એવણનું... હાલ તું તારે.''

બંને શોધવા નીકળી. રસ્તામાં જ લથડિયાં ખાતો ખાતો હીરજી આવતો દેખાયો. હિરજીને જોતા જ સુમીને ખ્યાલ આવી ગયો કે દવા લીધા વિના આવ્યો છે. ને પૈસા પણ ઉડાવી દીધા છે.

હીરજીને જોઈ રેવા સંતાઈ ગઈ. પાછો બંનેને સાથે જુએ તો પરિસ્થિતિ વધુ બગડવાનો ખ્યાલ હતો જ. આવતાં વેંત સુમીને ગાલ પર એક તમાચો ઝીંકી દીધો. રેવાને જોઈ લીધી હોવાથી સુમીને ફટાફટ લઈ ઘર તરફ નીકળી ગયો. રડતી સુમી પાછળ દોરાઈ.

''માંની દવાનું હું થયું... તમે આખી રાત દેખાણા નઈ ને અતારમાં આમ આવીને રસ્તામાં મારી પર રોફ... લાવો પૈસા પાસા...''

''પેસા ?... કેવા પૈસા ?... તું કયાં હકે પૈસા માંગે સે પાસી... લાવ તારી કને સે એ બીજા... આટલું બોલતા તો હીરજી ફરી સુમીને મારવા લાગ્યો.

''અરે કહું સુ... મને કા મારો... નથી મારી કને કસુ...'' પતિના લથડતાં દેહને માર ખાતાં ખાતાં પણ સુમી સંભાળતી રહી. ઘરે પહોંચી સુમીએ એને ખાટલે સુવાડ્યો પણ હજુ પૈસા પૈસાની બૂમો મારી રહ્યો હતો. છાતીએ સંગ્રહી રાખેલું સઘળું ધોધ સ્વરૂપે સુમીની આંખોમાં છલકાવા લાગ્યું.

રોજરોજની માથાકૂટથી સુમી ત્રાસી ગઈ હતી. જીવન તેને અંધકારના ઓછાયા તળે જીવવું આકરું લાગતું હતું. રોજ રોજ પૈસા માટે રામાયણ ને શરીર પર પડતાં મારની વણઝાર બહુ કષ્ટદાયક હતી... કેટકેટલી યાદોનાં વમળ મનમાં રચાતાં ને વિખરાઈ જતાં. બાળપણમાં ઢીંગલી રમતાં રમતાં જોયેલાં ઘરસંસારનાં આનંદદાયક સ્વપ્નાં કરતાં વાસ્તવિકતા તદ્દન વિપરીત હતી. ઘર ઘર રમવા અહીં તો વાસણો પણ નહોતા. થાકી હતી આ ઘર ઘર રમીને. નાની હતી ત્યારે બાજુવાળી બહેનપણી સંગાથે રમકડાં વાસણો લઈ કેવું ઘર ઘર રમતાં. પોતે ઢીંગલી બની ઢીંગલા માટે શાક બનાવતી. તેના પ્રિય રીંગણાંનું. મા રીંગણનું ભડથું બનાવે એ તેને બહુ ગમતું. મકાઈના ગરમ ગરમ રોટલા, ખેતરેથી તાજા તોડેલા રીંગણ.... મરચાં ને છાસ. ચૂલામાં શેકીને મા જ્યારે ભડથું બનાવે ત્યારે પોતે કેવું હરખાતી હરખાતી ખાતી. માંના હાથની મીઠાશમાં તે ખોવાઈ ગઈ.

સુમી મા-બાપનું એકનું એક સંતાન. બાપુ શેઠને ત્યાં દુકાને બેસતા ને મા મજૂરી કરતી. સુમી દેખાવડી એટલે ગામનાં કેટલાંયે ઘરોમાં તેની વાત થતી. પરંતુ કુદરતની કરુણતા વચ્ચે તેના પિતાનું મૃત્યુ થતાં આવક છીનવાઈ ગઈ. મા ને દીકરી બંનેનું જીવન બાપુના પગાર વિના આર્થિક રીતે ધીરે ધીરે નીચલા સ્તરે પહોંચી ગયું. ગરીબાઈના લીધે સગપણ પણ થતું નહોતું. બાજુના ગામની એક વાત કોકે કરી ને ત્યારથી આ હીરજી સાથે દાંપત્ય જીવનની ગાંઠે બંધાઈ. હીરજી પહેલાં પીતો નહોતો. પણ લગ્નના બે જ મહિના બાદ તેને ખરાબ આદતની લત લાગી. એક વર્ષ માંડ પૂરું થયું ત્યાં સુમીની મા મરી ગઈ ને સાસુ તો ટીબીની બીમારીના કારણે બીમાર જ રહેતાં. ખૂબ ઓછા સમયમાં કુદરતે સુમીને વેદનાના અસંખ્ય રંગોએ રંગી નાખી. ઝાંખો વિષાદ તેને ઘેરી વળ્યો. પિયરનાં અગણિત સ્મરણો, ભૂતકાળનાં દૃશ્યોમાંથી સુમી પોતાની જાતને બહાર કાઢવા મથી રહી.

આકાશમાં સંધ્યાના રંગો આકાર લઈ રહ્યા હતા. સુમીએ રેવાના ઘરે જઈ તેના ઘરના લોકોથી સંતાઈ રેવા પાસેથી થોડાં રીંગણાં લીધાં. ચૂલો સળગાવવા ઘાસતેલ લીધું. બે ઘડી રેવા સાથે સુખ દુઃખની વાતો કરી પાછી પોતાના ઘરે આવી ગઈ... કારણ વિના વધારે હસી હસીને વાત કરી ગઈ તેથી રેવાએ પણ આશ્ચર્ય અનુભવ્યું.

''કઈ માટીની બની છે મારી બુન ! પોતાના માથે દેવું કરીનેય પરિવારને જીવાડે સે તે પણ હસતા મોઢે, ને ઓલો હીરજી કાંઈ કદર જેવું સે જ નઈ ને.'' રેવા સ્વગત વિચારતી રહી.

પલંગ પર પડેલ બીમાર ડોસી એક પછી એક ખાંસી ખાઈ રહી હતી. હીરજી સુમીને ફટકારીને ફરી બાવળીએ જવા ઘરમાં પૈસા ફંફોસી ઘરની બહાર જતો રહ્યો. ત્યાં જ અચાનક સુમીએ જાણી જોઈને પોતાના પર ઘાસતેલ રેડી ચૂલામાં સળગતું લાકડું પોતાની સાડીએ મૂક્યું ને પ્રચંડ જ્વાળાઓ તેને ઘેરી વળી. ઘરમાં આગ ભભૂકી ઊઠી.

''બચાવો... બચાવો''ની બૂમો લોકોને સંભળાઈ, સુમી અગનપિછોડી ઓઢીને બૂમો મારતી ઘરની બહાર નીકળી. ડોસી ગભરાટમાં ઊભી થઈ ગઈ. ''હીરજી, હીરજી'' બૂમો પાડવા લાગી. ને લોકો ભેગા

થઈ ગયા. જે મળે એ ગોદડાં, રજાઈ લાવ્યા પણ તે ઓઢાડે તે પહેલાં જ વેદનાથી કણસતી નીચે જમીન પર પડી ને હજુ દવાખાને જવાની તૈયારી કરે એ પહેલાં જ મૃત્યુ પામી. હીરજી દોડતો આવ્યો પણ સઘળું જોઈ હતપ્રભ થઈ ગયો.

રેવા દોડતી દોડતી લોટવાળા હાથે જ સુમીના ઘર તરફ આવી. પોતાની પ્રિય સખીને તે ઓળખી ન શકી. સુમીને રીંગણનું ભડથું બહુ ગમતું ને આજે... પોતે જ ભડથું... યાદ કરતી કરતી ચોધાર આંસુએ રડી પડી.

**દ્વિતીય ઈનામ**

**– તન્વી ટંડેલ**

*નારધા પ્રાથમિક શાળા*

★

# ઘર



સુરભીએ લગ્ન કરીને ઘરમાં પગ મૂક્યો કે, તે આભી જ બની ગઈ. ઘરમાં દરેક ચીજ યોગ્ય જગ્યાએ સુઘડતાપૂર્વક ગોઠવાયેલી હતી. તેણે નોંધ લીધી કે તેની સાસુએ ખૂબ જ ચીવટથી ઘર સજાવ્યું છે. ઘરની સુઘડતા અને સ્વચ્છતા કોઈને પણ ઊડીને આંખે વળગે તેવી હતી.

સવારમાં વહેલી ઊઠીને સુરભી આંગણામાં આવેલ બગીચામાં જોતી જોતી ઘરના પાછળના ભાગે આવી. દિયરની રૂમની પાછળ બાજુની બારી બહાર, અડધી પીધેલી સિગારેટનાં ઠૂંઠાં પડેલાં જોઈ તે આઘાત પામી. તેનો દિયર હજુ તો બાવીસ વર્ષનો જ હતો, ત્યાં આવી આદત ! ઘડીભર તેણે વિચાર્યું કે કદાચ પ્રસંગમાં આવેલ કોઈ મહેમાને સિગારેટ પીધી હશે ! તે ઘરની અંદર આવી, તેને થયું આ બાબતમાં નિરાંતે પતિ સાથે વાત કરવી પડશે.

લગભગ એકાદ અઠવાડિયામાં સુરભીએ અનુભવ્યું કે સાસુ અને દિયર વચ્ચેના સંબંધો તંગ છે કદાચ ! ધર્મિષ્ઠ અને સંસ્કારી પરિવારના દીકરાનું આ અપલક્ષણ જ તેના માટે કારણભૂત હતું એવું તેને લાગ્યું.

એક દિવસ તેણે બહુ પ્રેમપૂર્વક દિયર સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ દિયરે કહ્યું, ''ભાભી, મમ્મી પણ મારી આ આદત છોડાવવા અથાગ પ્રયત્નો કરી ચૂક્યાં છે. હું ધારું તો આ છોડી શકું છું. પરંતુ મને સ્મોકિંગ કરવામાં કંઈ ખરાબ નથી લાગતું. આઈ લાઈક ઈટ. પ્લીઝ, ફરીવાર આ બાબત ના ઉખેડતા.''

સુરભી ચૂપ થઈ ગઈ. કંઈ જ બોલ્યા વિના ચાલી ગઈ.

એક દિવસ એણે ઘરના ઇન્ટિરીયરમાં થોડા ફેરફાર કરવાની પોતાની ઇચ્છા સાસુ પાસે દર્શાવી. ઇન્ટિરીયર ડિઝાઇનરનો કોર્સ કરેલ પુત્રવધૂ ઘરને વધારે સુંદર બનાવશે એમ માની સાસુ-સસરાએ તેને તેમ કરવાની છૂટ આપી દીધી.

બીજા જ દિવસે તે બજારમાંથી જોઈતી વસ્તુઓ લઈ આવી. આખા ઘરમાં થોડા ઘણા ફેરફારો કરી ઘરની રોનક બદલાવી નાખી. છેલ્લે દિયરનો રૂમ શરૂ કર્યો. જોગાનુજોગ તે દિવસે દિયરનો જન્મદિવસ હતો. સાંજે ભાભી તરફથી સરસ ઇન્ટીરિયર કરેલો રૂમ ગિફ્ટ મળશે એમ વિચારતો તે કૉલેજ જવા નીકળ્યો. રૂમ સજાવી સુરભીએ તાળું મારી દીધું. રાત્રે કેક કાપી દિયરનો જન્મદિવસ ઊજવ્યા બાદ તેના હાથમાં તેના જ રૂમની ચાવી આપતાં કહ્યું, ''નવો રૂમ, નવું વર્ષ, નવું જીવન મુબારક, ભાઈ !''

થોડી જ વારમાં દિયરના રૂમમાંથી તોડફોડના, કાગળો ફાટવાના નિતનવા અવાજો આવવા લાગ્યા. સુરભીએ પતિ અને સાસુ-સસરાને દિયરના રૂમમાં ન જવા માટે વિનંતી કરી મનાવી લીધા.

લગભગ કલાક પછી આ બધા અવાજો શમી ગયા. ધીમા ડૂસકાના અવાજો આવી રહ્યા હતા. સુરભીએ સાસુ-સસરાને સમજાવી સૂવા માટે મોકલી દીધાં. પતિ સાથે એ પણ ઓરડામાં આવી ગઈ. આખી રાત તે ઊંઘી ન શકી. વહેલી સવારે ઊઠીને તે દિયરના રૂમની પાછળની બારી પાસે ગઈ. કૅન્સરના રોગ થયેલાં ફેફસાના, કૅન્સરથી પીડાતાં દર્દીઓનાં, જડબાનાં કૅન્સરનાં, સર્જરી પહેલાનાં અને સર્જરી પછીનાં એવાં ઘણાં બધાં પોસ્ટરો અરધાં ફાટેલાં, અરધાં ડૂચો વળેલાં બારીની બહાર પડ્યાં હતાં. તેણે હળવેથી બધો કચરો વીણવા માંડ્યો. નીચેથી ન પિવાયેલી સિગારેટનાં બોક્સ અને લાઇટર પણ નીકળ્યાં. બધું જ ઊંચકીને તેણે કચરા પેટીમાં નાખ્યું.

તે અંદર આવી. જોયું તો સોફા પર બેઠેલ સાસુના ખોળામાં માથું નાંખી દિયર ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો. સાસુ પણ સજળનેત્રે તેના વાળમાં આંગળીઓ ફેરવી રહ્યાં હતાં. સાસુ-વહુની નજર એક થઈ. કોઈએ કંઈ બોલવાની જરૂર ન હતી, છતાં દિયરે માત્ર એટલું કહ્યું, ''થૅંક્સ, ભાભી.''

આજે ઘર ખરા અર્થમાં સ્વચ્છતા અને સુઘડતાથી દીપી ઊઠ્યું હતું.

**તૃતીય ઇનામ**


**– છાયાબહેન ભવાનીશંકર દવે**

*શ્રીમતી એમ. એમ. કન્યા વિદ્યાલય*

*પાલિતાણા નગરપાલિકાની બાજુમાં, પાલિતાણા-૩૬૪ ૨૭૦*

★

# દિલ



## Buffering

આજે એ જ વરસાદી સાંજ છે. એ જ ઠંડો લહેરાતો પવન છે અને હાથમાં એના જેવી જ આદુવાળી ચાનો પ્યાલો છે. ઘણાં વર્ષો પછી આજે આમ સાંજના સમયે પોતે બાલ્કનીમાં ઊભા-ઊભા ચાનો સ્વાદ માણી રહ્યો હતો. બસ કમી હતી તો મનસ્વીની. આજે એ અને મનસ્વી સાથે ન હતા. પંદર વર્ષના લગ્નજીવન પછી એ બંને છૂટાં પડ્યાં હતાં ! આ ચાર વર્ષના સમયગાળામાં એને હજારો વાર મનસ્વીની યાદ આવી હતી ! અને છૂટા પડવાનું કારણ જાણીને તો આપણને હસવું જ આવે. એ કારણ એટલે મનસ્વીનો સ્વચ્છતા માટેનો આગ્રહ ! પણ ધીમે ધીમે તરુણને આ વાત મનસ્વીની ગેરહાજરીમાં સમજાતી ગઈ !

મનસ્વી અને તરુણની મુલાકાત એક સામાજિક સમારંભમાં થઈ હતી. ધીમે-ધીમે મુલાકાત વધતી ગઈ અને પ્રણયબીજ રોપાયાં અને લગ્ન-વૃક્ષમાં પરિણામ આવ્યું. મનસ્વી અને તરુણ બંને એકબીજાથી થોડા અલગ હતા. કહેવાય છે ને કે, Made for each other એવું એમનામાં કંઈ જ ન હતું. મનસ્વીને ચા પસંદ હતી તો તરુણને કૉફી. મનસ્વીને પાશ્ચાત્ય સંગીત પસંદ હતું તો તરુણ શાસ્ત્રીય સંગીતમાં ઊંડો રસ ધરાવતો હતો. મનસ્વીને સ્વચ્છતા પસંદ હતી તો તરુણને પોતાની બધી ચીજવસ્તુઓ અસ્તવ્યસ્ત રાખવું ગમતું. શરૂ-

શરૂમાં મનસ્વીને તરુણનું આવું વર્તન પસંદ આવતું પણ પછી તરુણની આવી આદતોથી મનસ્વીને ગુસ્સો આવવા લાગ્યો. પણ હા, મનસ્વીને તરુણના વિખરાયેલા વાળ ખૂબ પસંદ આવતા ! બસ, આ એક જ વાતમાં એ સ્વચ્છતાની આગ્રહી નહોતી ! એને તરુણના વિખરાયેલા વાળમાં હાથ ફેરવવો ગમતો. શરૂઆતમાં થતા રિસામણાં અને મનામણાંએ હવે ઝઘડાનું વિશાળ સ્વરૂપ ધારણ કર્યું !

તરુણ અને મનસ્વી એકબીજાને ખૂબ ગમતાં. એકબીજાનું ધ્યાન પણ ખૂબ જ રાખતાં. નાની- નાની જરૂરિયાતો સાચવતાં. મનસ્વીની પોતાની કપડાં ડિઝાઇનિંગની શૉપ હતી. શહેરમાં એનું મોટું નામ હતું. તેનાં વસ્ત્રો, પરિધાનની ચાહતનો એક બહોળો વર્ગ હતો. જે સમાજનો આર્થિક રીતે ઉચ્ચ, સદ્ધર વર્ગ હતો. પોતાની વ્યસ્તતા છતાં પણ એ તરુણ માટે પોતાના હાથથી જ જમવાનું બનાવતી. તરુણના મકાનને પોતાના વહાલથી તેણે ''ઘર'' બનાવ્યું હતું. તરુણ પોતે પણ એક મલ્ટિનેશનલ કંપનીમાં જનરલ મૅનેજરની પોસ્ટ ધરાવતો હતો. વિશ્વમાં વિવિધ દેશોમાં તેને પોતાની મિટિંગ માટે ફરવું પડતું હતું. અને ત્યાં જઈને પણ તે પોતાની મનસ્વી માટે કંઈ ને કંઈ ભેટ જરૂરથી ખરીદતો. તેમનાં આ વૃક્ષમાં કોઈ ફળ આવ્યું ન હતું તે વાતનું દુઃખ મનસ્વીને હંમેશાં રહેતું પણ તરુણ પોતે જ કોઈ નાના છોકરાથી ઓછો ન હતો ! ઑફિસથી આવીને પોતાના બ્રાન્ડેડ શૂઝ અસ્તવ્યસ્ત હોય, મોજાં પૂર્વ-પશ્ચિમમાં પડ્યાં હોય ! ઑફિસ બૅગ ક્યાંક હોય અને તરુણ પોતે ક્યાંક હોય... એક દિશામાં રૂમાલ હોય ને બીજી દિશામાં ટાઈ. શરૂઆતમાં મનસ્વીને આ અસ્તવ્યસ્ત ઘર ગમતું પછી તરુણ અને મનસ્વી વચ્ચે આ વિશે ઝઘડા થવા લાગ્યા. તરુણને મનસ્વીનો સ્વચ્છતાઆગ્રહ ગમતો નહીં. એને એક જાતની અકળામણ થવા લાગી અને મનસ્વીને તરુણની આ બાબતો ખૂંચવા લાગી. આ વાત સિવાય બંનેએ એકબીજાની આદતોને અપનાવી લીધી હતી. જેમ કે, મનસ્વીને શાસ્ત્રીય સંગીતમાં રસ પડવા લાગ્યો હતો અને શહેરમાં થતાં કાર્યક્રમોની ટિકિટ ખરીદીને તે તરુણને સરપ્રાઇઝ પણ આપતી અને તરુણ આવી સરપ્રાઇઝથી ખુશ થઈ જતો. તેઓ બંને હવે આ વિષય પર, ધૂન પર, રાગ વિશે કલાકો સુધી વાત કરી શકતાં હતાં ! તો તરુણને હવે ચાની ચુસ્કી લેવી ગમતી ! અને એમાંય મનસ્વી સ્પેશ્યલ... આદુ, ફૂદીના અને ઇલાયચીવાળી ! વરસાદી વાંછટમાં ભીંજાતા ભીંજાતા ચા પીવાની મજા લેવી એને ગમતી ! તે બંનેની અમુક આદતો સમાન હતી. જેમ કે, પહેલાં વરસાદમાં કાંકરિયાની પાળે પહોંચીને વરસાદમાં ભીંજાવું. તેઓ જ્યારથી મળ્યાં હતાં ત્યારથી આ ક્રમ જાળવ્યો હતો. મોસમના પહેલાં વરસાદમાં બંને પોતપોતાનાં કામોમાં ગમે તેટલાં વ્યસ્ત કેમ ન હોય પણ બંને કાંકરિયાની પાળે અચૂક પહોંચી જતાં અને વરસાદને માણતાં અને સાથે ગરમ આદુવાળી ચાની પ્યાલી. એમનો પ્રેમ વધી જતો. તેમની વચ્ચેના ઝઘડા પૂરા થઈ જતા ! એ સિવાય, બંનેને ફરવાનું, નવી-નવી જગ્યાઓ જોવાની, પહાડો ચઢવાના, સમુદ્રની ગહેરાઈમાં જઈને નવી દુનિયા જોવાનું ગમતું, પુસ્તકો વાંચવાનું પસંદ હતું. રવિવારના દિવસને તરુણને મનસ્વી માટે પોતાના હાથથી જમવાનું બનાવવું પણ પસંદ હતું ! તે યુટ્યૂબમાંથી જોઈને, શીખીને મનસ્વી માટે નવી નવી વાનગીઓ બનાવતો હતો. મનસ્વીને આ ગમતું પણ એ વખતે પોતાના કિચનની ગંદી હાલત જોઈને મનસ્વીને ગુસ્સો આવતો પણ તરુણના પ્રેમ માટે થઈને તે કંઈ બોલતી નહીં.

આવા જ, એક રવિવારે મનસ્વીની સૌથી ગાઢ દોસ્ત અને તેના પતિ અચાનક તેમના ઘરે આવી ચઢ્યા. અને મનસ્વીએ તેમને જમવા માટેનો ખૂબ જ આગ્રહ કર્યો. તરુણે પોતાની માટે બનાવેલી રસોઈ ચાખવાનો ખાવાનો તેને ખૂબ જ આગ્રહ કર્યો. પરંતુ તેમના રસોડાની હાલત જોઈને તેમને ખાવાનું મન થયું નહીં. તેઓ કંઈ પણ બોલ્યા નહીં પરંતુ તેમની વાત મનસ્વીએ સમજી લીધી અને તેમની સામે જ મનસ્વી અને તરુણને મોટો ઝઘડો થઈ ગયો. તરુણને મનસ્વીનું આમ બધાની વચ્ચે કહેવું તેને પસંદ ના આવ્યું. અને એ ઝઘડાએ

વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને બંનેએ છૂટા પડવાનું નક્કી કર્યું ! અને તેના પુરુષ સહજ અભિમાન સાથે તરુણ મનસ્વીને જતાં રોકી શક્યો નહિ.

આજે એક-બે કરતાં ચાર વરસથી બંને અલગ હતાં. હવે ધીમે-ધીમે જ્યારે હવે એને પોતાની વસ્તુઓ અસ્તવ્યસ્ત રહેવાના કારણે ના મળતી ત્યારે એને મનસ્વીની વાતો યાદ આવતી ! ઑફિસે જતી વખતે મનસ્વીનો સ્માઈલવાળો ચહેરો યાદ આવતો. ઘરમાં આવીનેય આ ઘર એને ખાલી-ખાલી લાગતું હતું ! તરુણનું ઘર ફરીથી ''મકાન'' બની ગયું હતું. પંદર વરસમાં થયેલા એમના નાના-નાના સ્વચ્છતા માટેના, વસ્તુ જગ્યા પર મૂકવા માટેના ઝઘડા કે ઘરની સાફસફાઈ માટેના ઝઘડા માટે હવે તરુણ પોતાને જવાબદાર માનતો હતો. અને હવે તેને મનસ્વીની વાત સાચી સમજાઈ રહી હતી. જ્યારે એ ઑફિસમાં શર્ટ અને ટાઈ અલગ પહેરીને હાંસીને પાત્ર બનતો હતો ત્યારે, મૂકેલી ફાઈલ યાદ ન આવતાં, એના લીધે મિટિંગમાં કે ઑફિસમાં મોડું થતાં આમ નાની પણ ના જોઈ શકાય એવી વાતોના કારણે એને એની ભૂલ સમજાઈ ગઈ હતી. અને એને મનસ્વી સાથે માફી માંગી તેને પાછી બોલાવવાનું મન થયું હતું.


આજે એ જ વરસાદી સાંજ, પહેલા વરસાદની સાંજ છે, હાથમાં આદુવાળી ચાનો પ્યાલો છે અને મનસ્વી અલગ હોવાનો ઝુરાપો છે. અચાનક એ ચા ને બાલ્કનીની પાળીમાં મૂકીને તરત જ ગાડીની ચાવી હાથમાં લઈને નીકળે છે એન પહોંચી જાય છે કાંકરિયાની એ પાળીએ. એની ધારણા મુજબ મનસ્વી ત્યાં હાજર જ હતી ! અને બંને આજે ચાર વરસ પછી ફરી એકબીજા સાથે વરસાદમાં ભીંજાય છે! અને એમની વચ્ચે એક મૌન છે પણ આંખો અને આંગળીઓ વચ્ચેનો વાર્તાલાપ ચાલે છે. તરુણની આંખો મનસ્વીની માફી માંગીને ઘરે આવવા આમંત્રી રહી છે અને મનસ્વી એનો સ્વીકાર કરતાં તરુણને એક ગાઢ આલિંગન આપે છે. ક્યાંય સુધી તેઓ આમ વરસાદમાં ભીંજાતાં રહે છે. મૌનને તોડતાં તરુણ હવે મનસ્વીના સ્વચ્છાગ્રહ સાથે પોતાના 'મકાન'ને પાછું 'ઘર' બનાવવા કહે છે. અને જવાબમાં મનસ્વી તેના ગાલ પર એક હળવું ચુંબન કરે છે અને તરુણ લિપસ્ટિક લૂછતાં કહે છે ''સ્વચ્છતાનો અમલ અહીંથી જ કરીએ !'' અને વાતાવરણ હળવું બની જાય છે. બંનેનો ગાઢ પ્રેમ ફરી પાછો પાંગરી ઊઠે છે !

**પ્રોત્સાહન ઈનામ**

**— ચૈતાલી સુતરિયા**
*ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન*
*અમદાવાદ*
*info@zebarschool.com*

★

# હાથીનું બચ્ચું



એક મોટું જંગલ હતું. એ જગલમાં ઘણાં બધાં પ્રાણીઓ રહેતાં હતાં. એક વખત જંગલનાં રાજાને જંગલમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવાની જરૂર લાગી અને તે માટે જંગલનાં તમામ પ્રાણીઓ વાઘ, ચિત્તો, સિંહ, દીપડો, રીંછ, ઘોડો, હાથી, ઊંટ એમ તમામની એક સભા બોલાવી. જેમાં બધાં જ પ્રાણીઓ હાજર રહ્યાં અને જંગલના સફાઈમંત્રી તરીકે શિયાળની સર્વાનુમતે વરણી કરવામાં આવી. સાથોસાથ જંગલનાં બધાં પ્રાણીઓએ જંગલની સ્વચ્છતા એ સૌની સહિયારી જવાબદારી હોવાનું સ્વીકારી બધાં જ જંગલને સ્વચ્છ રાખશે એવી પ્રતિજ્ઞા લીધી અને સૌ વિખરાયાં.

આ વાતને હજુ તો માંડ થોડા દિવસો વીત્યા હશે. ત્યાં જ જંગલમાં પ્રવેશ થયો હાથીઓના એક ઝુંડનો. હાથીઓ તો બધા સારા અને ગંદકી જરા પણ ન ફેલાવે. પણ તેમની સાથે આવેલ એક બચ્ચું એવું તો તોફાની કે જયાં જાય ત્યાં ગંદકી કરે. ક્યાંક ઝાડ ઉખાડે, ક્યાંક ડાળીઓ તોડી નાંખે, ક્યાંક પક્ષીઓના માળા નીચે પાડી દે. અને વળી પાછું બીજાનું તો ઠીક પણ તેનાં માતા-પિતાનુંય કંઈ માને નહીં. બધાં પ્રાણીઓ, પક્ષીઓએ તેને સ્વચ્છતા વિશે, તેના મહત્ત્વ વિશે અને જંગલમાં ચાલતા સ્વચ્છતા અભિયાન વિશે ખૂબ સમજાવ્યું પણ માને કોણ? પોતાની તાકાતના મદમાં અંધ આ બચ્ચું બીજાને તો જાણે મગતરાં સમજતું. એમ થતાં થતાં આ બચ્ચાની વાત પહોંચી સફાઈમંત્રી શિયાળભાઈના કાને. અને શિયાળભાઈએ નક્કી કર્યું જાત-તપાસ કરવાનું અને તપાસમાં શિયાળભાઈએ જોયું કે આ ભાઈ (બચ્ચું) તો કોઈનું જરા સરખું પણ માનતા નથી અને મન ફાવે ત્યાં અને મન ફાવે તેમ ગંદકી ફેલાવે છે. પણ શિયાળભાઈ પણ એમ કંઈ ગાંજ્યા જાય તેવા ન હતા, તેથી જ તેમણે આ બચ્ચાને સીધું કરવા માટે એક યુક્તિ વિચારી અને બળનું કામ કળથી કરવાનું નક્કી કર્યું.

શિયાળભાઈએ તો બચ્ચાને પોતાના ઘરે જમવા માટેનું આમંત્રણ આપ્યું. આમંત્રણ મળતાં તો હાથીનું બચ્ચું ખુશખુશાલ થઈ ગયું અને જે દિવસે જમવા જવાનું હતું તે દિવસે વહેલી સવારે ઊઠી અને બચ્ચું તો નીકળ્યું શિયાળભાઈને ત્યાં મિજબાની માણવા. શિયાળભાઈએ પણ પૂરેપૂરી તૈયારી કરી લીધી હતી.

હાથીનું બચ્ચું તો પહોંચી ગયું સવારસવારમાં શિયાળભાઈને ઘરે. પણ શિયાળાનો દિવસ હતો અને ઠંડી હતી તેથી શિયાળભાઈએ પહેલાં તો તાપણાંની વ્યવસ્થા કરી રાખી હતી. એટલે જેવું બચ્ચું આવ્યું કે શિયાળભાઈએ તાપણું સળગાવ્યું જેથી બચ્ચાની ટાઢ ઊડી જાય અને બચ્ચું તો આ બધી વ્યવસ્થા જોઈ એકદમ મોજમાં આવી ગયું. અને તેણે તો શિયાળભાઈનો આભાર માન્યો. શિયાળભાઈએ તાપણામાં થોડાં લીલાં લાકડાં પણ નાંખ્યાં'તાં જેથી ધુમાડો થાય. હાથીના બચ્ચાને એ ખબર ન પડી કે સૂકાં લાકડાં અને પાંદડાં હોવા છતાં પણ આણે લીલાં લાકડાં અને પાંદડાં શા માટે નાખ્યાં'તાં ? સૂરજ ઉપર ચડ્યો અને બરાબર તપાઈ ગયા બાદ શિયાળભાઈએ હાથીના બચ્ચાને જમાડવા માટેની વ્યવસ્થા કરી. જેમાં જે ઝાડ નીચે તેઓ બન્ને બેઠા'તા ત્યાં જ નીચેની ડાળે એક મધ લટકતું હતું. જે શિયાળભાઈએ તરાપ મારી અને નીચે ઉતાર્યા બાદ હાથીના બચ્ચાને પીરસ્યું અને બચ્ચાએ તો કદી એ ખાધુ નહોતું અને પ્રથમવાર ખાધું અને એને તો થયું કે આવી મીઠાઈ તો મેં જિંદગીમાં નથી ખાધી. બધું જ મધ ખાઈ લીધા બાદ હાથીના બચ્ચાએ શિયાળભાઈનો આભાર માનતા માનતા ત્યાંથી વિદાઈ લીધી.

હવે આ વાતને થોડાક દિવસ પસાર થઈ ગયા. અને હાથીના બચ્ચાને પેલી શિયાળભાઈએ ખવડાવેલી મીઠાઈ યાદ આવી અને વિચાર્યું કે લાવને હુંયે એવી મીઠાઈ શોધું. શોધ કરતાં એક નીચું ઝાડ દૂરથી નજરે ચડ્યું કે જેમાં નીચે લટકતું'તું મધ. અને આ જોઈ હાથીના બચ્ચાના મોંમાં પાણી આવી ગયું. અને એ તો ધસ્યું મીઠાઈ ખાવા. કંઈ પણ વિચાર્યા વગર એણે તો પોતાની સૂંઢ કરી ઊંચી મીઠાઈ (મધ) લેવા પણ આ શું ? જેવી સૂંઢ અડી કે મધપૂડામાંથી અનેક માખીઓ બણબણાટ કરતી ઊડી અને ચોંટી પડી હાથીના બચ્ચાને અને મારવા લાગી ડંખ. પછી તો બચ્ચું આમ જાય તેમ જાય પીછો છોડાવવા પણ માખીઓ એમ કંઈ છોડે?!... અને હાથીનું બચ્ચું વિચારે કે આવું કેમ થયું સાલું... કારણ કે શિયાળભાઈને ત્યાં તો આવું કશું જ નહોતું થયુ. પણ બચ્ચાને એ ખબર નહોતી કે શિયાળભાઈએ ટાઢને ભગાડવા કરેલા તાપણાના ધુમાડાને કારણે ઝાડ પરના મધની માખીઓ ઊડી ગયેલી અને અહીંયા તો શું કરવું અને ન કરવું એની મથામણમાં ને મથામણમાં હાથીનું બચ્ચું જાય દોડ્યું. પણ માખીઓ પીછો છોડતી નથી અને આમ ને આમ દોડતું બચ્ચું તો નીકળી ગયું જંગલની બહાર અને જંગલથી દૂર એક તળાવ હતું એમાં ભૂસકો લગાવ્યો. માખીઓના ત્રાસથી રાહત મેળવવા અને ફરી પાછું કદી પણ જંગલ તરફ ફરીને ન જોયું.

આમ, જંગલમાં ગંદકી ફેલાવતા હાથીના બચ્ચાને શિયાળભાઈએ યુક્તિપૂર્વક ભગાડી મૂક્યું અને ત્યાર બાદ જંગલ બની ગયું એકદમ સ્વચ્છ.

**પ્રોત્સાહન ઈનામ**

**– જાદવ નરેન્દ્રસિંહ રૂપસિંહ**

*શ્રી બોડીઘોડી પ્રા. શાળા*

*મુ. બોડીઘોડી, પો. પાટી રામપર, તા. પડધરી,*

*જિ. રાજકોટ - ૩૬૦ ૧૧૦*

★

# અલાર્મ



નવી નવેલી વહુ બંધ બારણાને ખોલાવવા જેટલા જોરથી ધબ્બા મારે એવા ઝપટાતા ધબ્બાના ભાસે સુરેશભાઈ ઊંઘમાંથી જાગી ગયા. રાત્રે મોડામાં મોડું અગિયાર વાગ્યે તો સૂઈ જ જવું. એવો એમનો વણ-લખ્યો નિયમ. આમ તો એ દસ વાગ્યે ઊંઘી જવાની કોશિશ કરતા પણ જેમ જેમ વિકાસ વધતો ગયો એમ એમ જાણે કે મોડે સુધી જાગવાનું ઘેલું એમને વધારે લાગતું ગયું. સોસાયટી બહાર મૂકેલ બાંકડે રોજ રાવટી જામે. એમાં મોટા ભાગના સ્વચ્છતાના આગ્રહી. ગંદી જગ્યા ન ચલાવી લે. બાંકડા લૂછીને જ બેસે. એમાંના કેટલાક તો પાણીની ડોલ ભરી લાવી જાતે બાંકડા ધોઈ નાખે. કોઈ ખંડિયોરાજા છાણવાળા જોડા -- બેઠક પર રાખી સ્યાહી ઠાઠમાં બેઠેલો નજરે પડે તો તેઓ એને તાત્કાલિક અસરથી પદભ્રષ્ટ કરતાં. સાલિયાણું બંધ કરી દેતા. એને દેશનિકાલ કરવાનુંય વિચારતા. પણ દયાના ભાવથી જતું કરતા. ડર તો રાખવો ને— ભગવાનનો.

વાળુ બાદ નવેક વાગ્યે સાંજના ખાસ સભા દરરોજ યોજાય. સભા શરૂ થાય એ પહેલાં ગેરહાજર સભ્યોની ગંભીર નોંધ લઈ દૂરભાષયંત્રની મદદથી તાત્કાલિક હાજર થવા સૂચન અપાય. ને એ ગમે તેવું અગત્યનું કામ રખડતું મૂકીનેય હાજર થાય. મોટે ભાગે છોકરાની વહુઓ ઘેર હોય એ જલદી આવી જતા ને બીજા પછી. કોરમ પૂર્ણ થતાં સભાનું કામકાજ શરૂ થાય. બધા શહેરમાં રહેતા એટલે ગ્રામપંચાયતોનો વહીવટ ઓછો કરતાં ને નગરપાલિકાનો વધુ. એ પછી બધાની સીધી નજર ગાંધીનગર ને દિલ્હી ભણી તકાય.

ધારાસભ્યો ને સંસદસભ્યોના રિવ્યુ લેવાય, મંત્રીઓના કામકાજ ઉપર નજર કરાય. કેટલાયનાં રાજીનામાં લઈ લેવાય. વળી પાછું ક્રિકેટની રમતનું એનાલિસિસ ચાલે. એમાંય -- બૉર્ડને જાણ કર્યા સિવાય કેટલાય ક્રિકેટરોને ટીમમાં લઈ લેવાય કે પડતાં મુકાય. ટ્રંપનું પણ આવી બને. વિદેશ નીતિય ચર્ચાય ને એમાં પેલું ''સાડાદસે તો ઊભું થઈ જ જવું.'' એ તો ભુલાઈ જ જાય. મનમાં તો નક્કી કર્યું જ હોય સાડા દસે સૂવા જતું જ રહેવું. પણ મનનું ધાર્યું ક્યાં થાય છે કદી. ન જ થવું જોઈએ. ટૂંકમાં દેશ અને દુનિયાનો ન્યાય તોળી એ બધા ઘર ભેળા થતા.

રવિવારનો દિવસ આરામનો લેખાતો. પણ રવિવારનું તો આવી જ બનતું. છેક સોમવારથી શનિવાર સુધીનાં મોટાં ભાગનાં કામ રવિવાર પર ઠોકી બેસાડેલ હોય. એમાં રવિવારેય બિચારો શું કરે ! ''હાલોને આ રવિવારે પતાવી નાખીએ'' ને દરરોજનાં કામ કરતાં એ રવિવારનું ભારણ વધી જતું.

શનિવારની રાત્રિએ સૂવા જતી વખતે સુરેશભાઈ નક્કી કરે. ''સવારે તો રવિવાર છે. મોડે સુધી સૂઈ જ રહેવું છે. પણ એ કદી સફળ થયા નથી. દરરોજના સમયે સવાર પડી જ જાય. શાળાનો સમય સાડા સાતનો. ને ઘરથી શાળાનું અંતર બાઈક લઈને પાંચ મિનિટ. સવારે મોડું ઉઠાય તોય વાંધો નહીં. એવું મગજમાં હોય પણ એવું ન બને. કાયમની જેમ ઊંઘ ઊડી જ જાય. રવિવારે એમણે સૂવા ઝંપલાવ્યું ત્યાં યાદ આવ્યું. શ્રાવણ માસનો પહેલો સોમવાર છે. સવારે છ-પચાસનો સમય છે શાળાનો. ને આપણે તો સાત વાગ્યે જાગનારા. છ-દસનું એલાર્મ મૂકી દઈએ એટલે વાંધો નહીં.

વહેલી પરોઢે એલાર્મ વાગે એ પહેલાં હળવા ધબ્બા જાણે કે બારણે દેવાતાં હોય એમ લાગતાં સુરેશભાઈ ઊંઘમાંથી જાગી ગયા. પણ પથારીમાંથી ઊઠ્યા નહીં. ઉનાળો શરૂ થાય એટલે એમની પથારી ફરી જાય. મીન્સ ઘરમાંથી બહાર -- ઓસરીમાં. ચાર પાંખિયાવાળી નાની પંખી, એની હેઠળ એમનો લાકડાનો ખાટલો. ને માંહે ભરેલી જેલરની સુતરાઉ પાટી. ને એનીય ઉપર એક રૂવેલને બીજું સુતરાઉ ગોદડું. કુલ નંગ બે. પાથરવા એક ચાદર ને ઓઢવા સોલાપુરી ચોરસો. આટલો એમનો સૂવાનો સામાન. ચોમાસું જામે તોય ઓસરીમાં જ સૂવાનું. જોકે પાછલા દસેક વરસથી તો ચોમાસું જામેલું જ નહીં. ને એનો બધો ભાર આ વખતે એણે ભાંગી નાખ્યો. તોબા પોકારાવી દીધા.

મોટા ભાગે ચોમાસામાં બધી જગાએ -- જ્યાં ઓસરીવાળા ઘર હોય ત્યાં -- ઓસરીનો કબજો કૂતરાં, બિલાડા ને ગધેડાએ મેળવી લીધેલો હોય !! કાયમી લાયસન્સ ધરાવતી ગાયો પણ આ તક ક્યાં છોડે છે?! તેમના માલિકો દૂધ દોહી લીધા પછી એમની પરવા ઓછી કરે. ને ગાયો પણ એકદમ કોરાં રોડ તો સોસાયટીમાં જ ભાળે ને ?? એ તો પ્રાણી છે, લગભગ સામાજિક. ને એ જ બીકે સુરેશભાઈએ ઓસરી ફરતે લોખંડની જાળી બનાવી દીધેલી. ઘર બનાવ્યું ત્યારથી.

ધબ્બ-ધબ્બ અવાજ આવે છે. પણ પહેલાં લોખંડની જાળી ને લોખંડનો દરવાજો -- એ દરવાજો ખૂલે તો ઓસરીમાંના બે બારણે પહોંચાય. લોખંડની જાળીના દરવાજે તાળું માર્યું છે કે નહીં ? સોલાપુરી ચોરસામાંથી ડોકું કાઢી જોઈ લીધું. તાળું મારેલું જ હતું. બંને બારણાં કાટખૂણો રચે એમ પૂર્વ અને ઉત્તર મુખવાળા. પણ જાળી હોવાથી બારણાં તો ખુલ્લાં જ રાખતા. એટલે ધબ્બ-ધબ્બ ધબ્બા તો ત્યાં મારેય કોણ ? એટલે બારણાં બાજુ જોવાનું ટાળ્યું. પણ પાછું વિચાર્યું 'નજર મારવામાં શું વાંધો ?' બેઠા થઈ જોઈ લીધું. સર્વત્ર શાંતિ પથરાયેલી હતી.

મચ્છરની તોડયને લઈ -- ઠંડી લાગતી હતી છતાં સુરેશભાઈએ પંખી ચાલુ જ રાખેલી. ધાબળો ગોટવી

ફરી પાછો એમણે ઊંઘવા પ્રયત્ન કર્યો. 'ખાલી મનમાં આભાસ થયો હશે.' પણ એમ મન ન માન્યું. ગમે તેવી અડાબીડ ઊંઘમાંએ -- કોઈ લેમ્પ ચાલુ કરે તોય એ જાગી જાય. ને એને બદલે -- આ તો અવાજ ! જાગી જ જવાય ને ?

માંડ પાંચેક મિનિટ થઈ હશે ને પાછું ધબ્બ-ધબ્બ સંભળાયું. અવાજ જે દિશામાંથી આવતો હતો. એ દિશામાં નજર કરવા એ બેઠા થયા. પૂર્વ તરફ એમની સામેના ઘરના બારણાને કોઈ ખખડાવતું હોય એવું બને ! કારણ કે એ ઘરની ઓસરીને લોખંડની જાળી ન હતી. કોઈ આવે તો સીધું બારણાં લગોલગ પહોંચી જાય. જોકે સ્ટ્રીટ લાઇટ ચાલુ હતી. એટલે માણસ હોય તો દેખાયા વિના ન રહે. કદાચ કાંઈ અજુગતું બન્યું હોય તો આટલી વહેલી પરોઢે કોઈ જગાડવા આવ્યું હોય -- પણ બૂમ તો પાડે ને ? સામેના ઘરે ન તો કોઈ બૂમ સંભળાતી'તી કે ન કોઈ ઓસાયો.

હજુ પાંચ દિવસ પહેલાની જ વાત. સામેની સોસાયટીમાં રહેતા જીવરાજભાઈનું ફેમેલી ગોવાના પ્રવાસે ગયેલું. ચાર દિવસે પ્રવાસ પૂરો કરી વહેલી સવારે એ ઘરે આવ્યાં. મોટી દીકરી તાળે ચાવી અડાડે ત્યાં નકૂચા હારે તાળું હેઠું. પૂરા પંદર લાખ સ્વાહા. એટલે બીક તો ખરી જ ને ? અમુક વખતે ચોર આજુ-બાજુના ઘરના દરવાજાની બહારની હાલડ્રાફ બંધ કરી દઈ બીજાને ઘેર ચોરી કરતાં હોય. બિન્દાસ ? કોઈ બહાર નીકળી જ ન શકે એવો એમનો આઇડિયા હોય. એય એમના મનમાં આવ્યું. જોકે એમના ઘર આગળ બીજા મકાનોની લાઇન ન હતી. ખુલ્લી જગ્યા હતી. એમાં ક્યાંય સંતાવાનું ન મળે. કોઈ ન દેખાતા એ પાછા ખાટલામાં બેઠા થયેલા સૂઈ ગયા.

માંડ થોડી વાર થઈ હશે ને અવાજ આવ્યો ધબ્બ-ધબ્બ. હવે સુરેશભાઈની નજર ઉત્તરે આવેલ એમની બાજુના મકાનના દરવાજે ચોંટી. જોકે ત્યાં અંધારું હતું ને એ ઘરની ઓસરી પણ જાળીથી પેક હતી. છતાં બેઠા થઈ ખાટલાની બાજુના સ્વિચ બૉર્ડ પર આંગળીથી ઓસરીની લાઇટ કરી જોઈ લીધું. ત્યાંય બધું ઠીકઠાક હતું.

સૂઈ જ જવું છે હવે જે હોય તે ? પણ એમનું મન ન માન્યું. શું હશે ? કાંઈ દેખાતું નથી ને અવાજ ! પાછો વિચાર છેક ઉપરના માળે ગયો. કદાચ પુત્ર-વધૂ વહેલાં જાગી ગયા હોય. કદાચ... જોકે એવું બને નહીં ! ને વળી ઉપરના માળે રૂમમાંથી બહાર નીકળવા માટે બારણું ખોલવાનું ઓટોલોક. તો પછી એમને ક્યાં દરવાજે ધબ્બ-ધબ્બ કરવાનું આવે છે ?

ધબ્બ-ધબ્બવાળા પ્રશ્નને કોઈ ચાવી કામમાં આવતી ન હતી.

એ દિવસે નીતિલિપિ ઍપ્લિકેશનમાં એમણે ''કિશોર ગોહિલ''ની ''ડાકણની છુટ્ટી'' વાર્તા જીજ્ઞાશાવશ વાંચેલી. એમને આવી વાતોથી નફરત. વાર્તા વાંચ્યા પછી લેખકને એમણે ''સૂચન'' વિભાગમાં કોમેન્ટ કરેલી : ''આ વાર્તામાંથી તમે સમાજને શું ચીંધો છો ? આ લખ્યાની ફળશ્રુતિ શું ? લોકોને અંધશ્રદ્ધામાં કાં ધકેલો ?''

બીજા એક લેખકે બાર વર્ષની ઉંમરે પ્રેતાત્મા જોયેલા એનું વર્ણન કરેલું. ને એનાથી એ-ને એનું કુટુંબ કેવું પરેશાન થયેલું એનું વર્ણન કરેલું. પાછું એમ પણ લખેલું 'સત્ય ઘટના આધારિત વાર્તા આપને કેવી લાગી ?' એ કોમેન્ટ કરશો. સુરેશભાઈએ કોમેન્ટમાં લખેલું 'વિજ્ઞાન પ્રેતાત્માને નકારે છે. જૂઠ ન ચલાવો,' હકીકત એ છે કે આપણે કોઈ વસ્તુમાં મન પરોવીએ. હવે એ વસ્તુ કે વાત ખરેખર કપોળ કલ્પિત હોય પણ આપણને હકીકત લાગે. આપણને એમાંથી રસ્તો દેખાય. પણ ખરેખર તો એ રસ્તો હોય જ નહીં. ને તમે

ભેખડે ભરાવ. ટૂંકમાં અગાઉ સાંભળેલી ભૂત-પ્રેતની વાતોનું આંખો સમક્ષ કલ્પિત ચિત્ર ખડું થાય. જે હકીકતે ન હોય.

એમની કથા કંઈક આવી હતી.

લચ્છુનાથે ફક્ત એક લંગોટીભેર ટાઢાબોળ પાણીમાં ઊંડી ડૂબકી લગાવી. ત્યાર પછી વિશાળ સરોવરની જળસપાટી પર મંત્ર ભણી પાણીની અંજલિ છાંટી એ જોરથી બરાડ્યા. ને એ સાથે જ આમંત્રિત દસ ડાકણો હોંકારા પડકારા કરતી ધસી આવી. એ દસેને લચ્છુનાથે અગ્નિકુંડમાં નાખી મુક્ત કરી.

દશે ડાકણોની ભયાનકતાનું વર્ણન વાંચી સુરેશભાઈને ઘડીભર એમ થયું કે આ લેખકે એક્તા કપૂરની સિરિયલો નહીં જોઈ હોય ! કેટલી સરસ રૂપાળી ડાકણો એમની સિરિયલમાં હોય. તમને વારે-વારે જોવાનું મન થાય. સીધી ઈન્દ્રના દરબારમાંથી આવી ચડેલી અપ્સરા જેવી લાગે. શાપિત હોય તોય વાંધો નહીં. કેવા સુંદર ડ્રેસમટીરિયલ. ચહેરાને અનુરૂપ મેકઅપ. એકદમ નાજુક ને નમણી. હૃદયે વસી જાય એવી. ઘરની ભલી-ભોળી સ્ત્રી તમને ડાકણ લાગે પણ આ સિરિયલવાળી તો ભવોભવ મળો એવું પ્રતીત થાય. ખરેખર બહુ દુ:ખ થયું. ડાકણો તો આધુનિક લાવવી'તી.

આ એવું કોઈ કૌતુક હશે કે શું ? પણ સુરેશભાઈને કોઈ ગભરાહટ ન થઈ. કારણ એટલું જ કે સભાન અવસ્થામાં એમના મને સ્વીકારી લીધેલી – સીલબંધ પૅકિંગ કરીને મૂકી દીધેલી વાત. 'ભૂત-પ્રેત જેવું આ દુનિયામાં કાંઈ હોતું નથી. શાસ્ત્રો તો કહે છે, 'આત્મા અમર છે. મૃત્યુ શરીરનું થાય છે, આત્માનું નહીં. ખોળિયું જૂનું થતાં આત્મા તેમાંથી નીકળી નવા ખોળિયામાં પ્રવેશ કરે છે.' લ્યો, – તો પછી કોઈ આત્માને ભૂત થવાનું ક્યાં આવે છે ? ભટકાવા !' એ ઊંઘમાંથી જાગી ગયા. સૉરી, સૂતેલા જાગી ગયા.

હવે એમણે આળસ ત્યજી સોલાપુરી ચોરસામાંથી ડોક કાઢી ચારે તરફ નજર કરી અવાજ કઈ દિશામાંથી આવે છે એ સંશોધન તરફ વાળી. ખાટલામાંથી ઊભા થયા વિના હવે ચાલે એમ ન હતું. એ ઊભા થયા. જાળીના દરવાજે મારેલું તાળું ખોલી એમણે આંગણામાં જવા વિચાર્યું. આંતરે સમયે ધબ્બ-ધબ્બ થતાં અવાજ સિવાય સર્વત્ર શાંતિ પથરાયેલી હતી.


ઘરમાં ખીંટીએ ભરાવેલ ચાવીનો ઝૂડો લઈ એ જાળીના બારણે તાળું ખોલવા જાય ત્યાં લોખંડના બારણાની લગોલગ જ બે ગાય બેઠેલી. મચ્છરને લઈ એક ગાયનું પૂંછડું વારંવાર વીંઝાયે જતું હતું. ને એનો હળવો ઝટકો થોડા-થોડા અંતરે ધબ્બ-ધબ્બ અવાજે રૂપાંતરિત થતો હતો. સાડા-પાંચ છ વાગવાને હવે પાંચેક મિનિટની વાર તોય સુરેશભાઈ ચોરસો ગપોટી સૂઈ ગયા.

**પ્રોત્સાહન ઈનામ**

**– જેસંગ જાદવ "રશ્મિ"**
*મ. શિક્ષક, પે. સે. કુમાર શાળા નં. ૩, જૂની કચેરી ધોળકા,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ. - ૩૮૨ ૨૨૫*
*મો. ૯૮૯૮૪૩૫૫૨૨*

★

# ભાગ્યવિધાતા



છાયા, આ એક ફરિશ્તાની વાત છે, જેને તું જાણે છે. મેલાં-ઘેલાં કપડાં, વિખરાયેલા વાળ, પરસેવાની દુર્ગંધ અને નાકમાંથી તો જાણે શરદીનું લીંટ નીચે પડવાની તૈયારી કરી રહ્યું હોય એવો લઘર-વઘર એનો દેખાવ. એને જોતાં જ જાણે કે લોકો નાક બંધ કરી રસ્તો બદલી નાંખે. જાણે કે આજ દિન સુધી કોઈએ એને ‘‘સ્વચ્છતા’’ના પાઠ ભણાવ્યા જ ન હોય ! વર્ગમાં તો એ છેલ્લી પાટલી પર બેસે. એની સાથે કોઈ બેસવા તૈયાર ના હોય. નામ તો એનું રાજા પણ બિચારો રાંકની જેમ એકલો બેસી રહે. ના ક્યારેય વર્ગમાં ઊભો થઈ પ્રશ્ન પૂછે કે ના ક્યારેય વર્ગમાં કોઈ ધમાલ-મસ્તી. વર્ગમાં એની શારીરિક હાજરી તો ખરી જ; પણ માનસિક રીતે તો એ ગેરહાજર જ રહેતો.

નિયતિના ખેલને કોણ સમજી શકે...? શનિવાર હોવાના કારણે હું શાળાએથી વહેલી આવી ગઈ. બા-બાપુજીને મળવા જવાનું હોવાથી હું ઉતાવળે સ્ટેશને પહોંચી પણ કરમનું કરવું તે દિવસે ટ્રેન લેટ હતી. થોડી વારમાં સરરરર... કરતી બીજી ટ્રેન આવીને ઊભી રહી; પણ એ ટ્રેન મારી નથી એ જાણી હું પાછી બાંકડા પર બેઠી... ત્યાં તો ‘‘ગરમાગરમ ચાય, ચાય પી લો ચાય...’’નો કાલોઘેલો સુમધુર અવાજ મારા કાને અથડાયો. ડોક ઊંચી કરીને જોયું તો નાનકડા નાજુક હાથમાં ચાયની કીટલી પકડેલી અને ગજબની

સ્ફૂર્તિથી એ પગ વારાફરતી ટ્રેનના ડબ્બાની બારીએ-બારીએ ઝડપથી પસાર થતા હતા. કંઈ કેટલાયે લોકોને ચા પિવડાવીને હવે ટ્રેનની સીટી વાગી અને ટ્રેન ગતિ પકડવા લાગી ત્યાં તો બારીમાંથી હાથ કાઢી દસની નોટ આપી રહેલા પેસેન્જર સુધી પહોંચવા આ નાનકડા પગે હાથમાં કીટલી લઈ દોડવા માંડ્યું; ત્યાં તો એ પગ લથડિયું ખાઈ... કોઈ મોટો અકસ્માત સર્જાય એ પહેલાં જ એક સજ્જને તેને બચાવી લીધો. ગરમ ચાઈ તેના પગ પર ઢોળાઈ જતાં થોડું દઝાઈ જવાયું હતું. મેં ઝડપથી મારા બૉટલમાંથી થોડું ઠંડું પાણી તેના પગ પર રેડ્યું જેથી થોડી રાહત થઈ.

જ્યારે હું એને બે ઘૂંટ પાણી પીવડાવવા ગઈ ત્યારે મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. ભીડના કારણે હું તેનો ચહેરો જોઈ ના શકી; ને હવે જોયું તો મારા પગ તળેથી જમીન ખસી ગઈ...! મારા વર્ગની છેલ્લી પાટલી પર બેસતો એ મૂરઝાયેલો ચહેરો અહીં આટલી ઝડપથી, ઉઘાડા પગે, માથે જોખમ લઈને ટ્રેનના ડબ્બે-ડબ્બે આમ ચા વેચવા જાય...! હજી તો હું કાંઈ પૂછું એ પહેલાં જ પચાસેક વર્ષની ઉંમરના એ કાકા એને હાથ પકડી સીધા લઈ ગયા પીવાના પાણીના નળ પાસે અને નળ ચાલુ કરી નીચે તેનો પગ ધરી દીધો. પાતળા રૂમાલથી પગ લૂંછી નજીકના ટી-સ્ટૉલ પરથી દૂધની મલાઈની પોપડી તેના પગ પર લગાવી આપી. હું કંઈ પૂછવા જાઉં ત્યાં તો ટ્રેનની કારમી વ્હિસલે મારા વિચારોને અટકાવ્યા. હું ટ્રેનમાં ચઢી ગઈ. હું ટ્રેનની બારીમાંથી એ નિર્દોષ ચહેરાને મૂંઝવણભરી નજરે જોઈ રહી. હવે ટ્રેન ગતિમાન થઈ ને રાજા મારી આંખો સામેથી અદૃશ્ય થવા લાગ્યો. પણ તેની સ્મૃતિ મારા માનસપટ ઉપર કોતરાઈ ગઈ.

બા-બાપુજીના વહાલના વરસાદમાં ભીંજાતા આ રવિવાર ક્યાં પૂરો થયો એની ખબર ના પડી અને આજે ફરી ભાગતી-દોડતી જિંદગી સાથે તાલ મિલાવી હું શાળાએ પહોંચી. ઉતાવળે હું મારા વર્ગમાં ગઈ પણ મારી નજર જેને શોધતી હતી એ રાજા મને દેખાયો નહીં. પૂછતાછ કરતાં જાણવા મળ્યું કે રાજા હવે શાળાએ આવશે નહીં. હજી વધારે જાણવાની ચેષ્ટા કરું ને ત્યાં તો શાળાનો ઘંટ રણક્યો ને બાળકો છુટ્ટીના આનંદમાં ઝડપથી બૅગ પેક કરી નીકળી ગયાં. હું મનમાં પ્રશ્નોના ધુંધવાટની સાથે ઘરે પહોંચી. રસોઈ કરી ઘરકામમાંથી ફ્રી થઈ હું પૂજારૂમ પાસે જતી હતી ને ડોરબેલનો અવાજ આવ્યો. સુજયને ઑફિસેથી આવવાનો સમય હતો એટલે હું હરખઘેલી થઈ દરવાજા તરફ દોડી. સુજયના માથા પરની પટ્ટી જોતાં મારો હરખ જ વ્યથામાં પરિવર્તિત થઈ ગયો. હું પ્રશ્નોનો વરસાદ વરસાવું ત્યાં તો એક બાળક સુજયની બૅગ લઈ ઘરમાં એન્ટર થયો. મારા મુખની મુદ્રા પરથી સુજય સમજી ગયા અને મારો હાથ પકડી સાંત્વન આપતાં કહ્યું, ''ચિંતા કરવાની જરૂર નથી નાનકડી ચોટ છે રુઝાઈ જશે.'' વાત જાણે એમ છે કે ૧૯મી જાન્યુઆરીએ પ્રાઈવેટ કંપનીની ટ્રેન ''તેજસ એક્સપ્રેસ''નું ઉદ્‌ઘાટન છે. તેના અનુસંધાનમાં હું એક મિટિંગ માટે ગયો હતો.

ત્યાં સ્ટેશન પર મારો પગ સ્લીપ થવાથી અકસ્માત સર્જાયો. એ તો ભલું કરે ભગવાન આ નાનકડા બાળકનું કે જેણે પોતાનો જીવ જોખમમાં નાખી મને બચાવ્યો. સાંભળ, આ છોકરો આજથી આપણી સાથે રહેશે. તારા પતિદેવને સંકટમાંથી ઉગારનાર આ ફરિશ્તો ભગવાનની ભેટ સ્વરૂપ છે. હા... સાચી વાત છે તમારી, પણ એ છે... કોણ? એનું નામ શું...? એવો પ્રશ્ન પૂછું એ પહેલાં બાળકનો અવાજ મારા કાન સાથે અથડાયો : "કેમ મેડમ, મને ના ઓળખ્યો...?" પાછળ ફરીને જોયું તો મારો રાજા...! મેં એને

છાતીસરસો ચાંપી દીધો. જે ભગવાનને હું મંદિરોમાં શોધતી હતી તે ભગવાન સ્વયં મારા ઘરે પધાર્યા હતા. વાત્સલ્યનો વરસાદ થયો ને મારો રાજા ભીંજાઈ ગયો. બસ ત્યારથી આજ દિન સુધી મેં રાજાની મારા સગા દીકરાની જેમ પરવરિશ કરી. ક્યારેય અમારાથી અલગ કર્યો નથી.

સમયના ચક્રને કોણ રોકી શકે...? આજે રાજા તેની મહેનતના સહારે ડૉક્ટર બની ગયો છે. વળી, તેના સેવા અને વફાદારીના ગુણને લીધે આસપાસના વિસ્તારમાં એ ખ્યાતનામ થઈ ગયો. એક મજબૂર, દયનીય ચહેરાને આજે ખુશખુશાલ અને લોકલાડીલો ચહેરો બનાવવા પાછળ સુજયનો બહુ મોટો ફાળો છે. સુજયના સેવાભાવી અને દયાળુ સ્વભાવે જ મને તેના તરફ આકર્ષિત કરી હતી. સુજયે રાજાના ઉજ્જવળ ભવિષ્ય પાછળ પૈસાની કોઈ કસર છોડી ન હતી. તેવી જ રીતે રાજાએ સુજયને સંતુષ્ટ કરવા માટે પરિશ્રમની કોઈ કમી રાખી ન હતી. પૈસા અને પરિશ્રમનાં સમન્વયથી મારું આંગણું આજે સેવાનું કેન્દ્ર બન્યું.

દર રવિવારે ''રાજા'' અમારા ઘરના પટાંગણમાં ગરીબ દર્દીઓને મફત સારવાર આપવાનું કાર્ય કરે છે. હું અને સુજય તેના આ કાર્યમાં સહભાગી બનીએ છીએ. આજે આ કેમ્પમાં અચાનક તારી મુલાકાત થતાં ભૂતકાળની યાદો તાજી થઈ આવી. અનેક અસહાય લોકોનાં અંતરનાં આશીર્વાદ મેળવતા આ ''રાજા''ની તને ઓળખ આપું તો... યાદ કર છાયા, પાંચમા ધોરણમાં ભણતો એ વિદ્યાર્થી જેને તે ત્રણનો ઘડિયો વીસ વખત લખવા આપ્યો હતો. આખા મેદાનના પાંચ રાઉન્ડ લગાવડાવ્યા હતા તે વાત યાદ છે ને...! છાયા એ મુરઝાયેલો રાજા આજે અહીં તારો ઇલાજ કરે છે. એ તો ડૉક્ટરોનો ''રાજા'' બની ગયો છે. વિશ્વાસ રાખ, આવતા રવિવારે ફરી તારે ડૉક્ટર પાસે ના જવું પડે. જલદી સાજી થઈ જશે. આપણો ''રાજા'' અરે ''ડૉક્ટર રાજા'' દર્દીઓને દવા અને દુઆ બન્ને વહેંચે છે. કંઈ કેટલાંયે દીન-દુઃખિયા અને અસહાય લોકોના જીવનમાં ખુશીઓનાં ફૂલ ખીલવવાનું કાર્ય આપણો રાજા કરે છે.''

છાયા, આને કિસ્મતની કરુણતા કહું કે પછી કિસ્મતની કરામત...! પણ એક વાત તો ચોક્કસ છે કે પરિશ્રમના પ્રહારથી કિસ્મતનું તાળું ખૂલી શકે છે. સાથે-સાથે યોગ્ય માર્ગદર્શકનો સાથ-સહકાર હોય તો જીવનની દશા અને દિશા બન્ને બદલાઈ જાય છે. કોઈએ સાચું જ કહ્યું છે કે,

''મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે.''

**પ્રોત્સાહન ઈનામ**

**– ખેર સુમિત્રા નિલેશ**

*આર્યમ એજ્યુ. એકેડેમી, સુરત.*

★

# નિશાળનો તરવરાટ



ટન્... ટન્... ટન્... ઘંટનો અવાજ સાંભળી પ્રેમથી ભરપૂર આનંદ ઉલ્લાસ રેલાવતાં બાળકોની ટોળકી લાઇનમાં ગોઠવાઈ ગઈ. મેદાનની સ્વચ્છતા ને વૃક્ષો-છોડવાઓને નિહાળી રહેલા આચાર્યસાહેબ પણ પ્રાર્થનાસંમેલન તરફ વળ્યા. વહેલી સવારની ઠંડીને શાળામાં પ્રવેશતી રોકવા માટે બે ભૂલકાંઓએ આખાયે સંમેલનને યૌગિક ક્રિયાઓમાં જોડાવા આમંત્રણ આપી એમનું કાર્ય આરંભ્યું. અંતરના ઓજસને બહાર લાવવા, મનને મનોબળ બક્ષવા સૌએ પ્રાર્થના કરી. હર્ષિત હૃદયે કરેલી પ્રાર્થનાથી દિવસનું પછીનું કાર્ય એની મેળે એના ઢાબામાં ઢળી જતું.

સૌ બાળકો પોતપોતાના વર્ગખંડમાં લાઇનબદ્ધ ગોઠવાઈ ગયાં. આ ભૂલકાંઓની રોજની ટેવને નિહાળતા સૌ ગુરુજનો પણ પોતપોતાનાં વર્ગખંડ તરફ વળ્યાં. વર્ગમાં જઈ મેં પણ મારું કાર્ય આરંભ્યું. રોજની હાજરી પ્રમાણે આજની હાજરી જોતાં મારું ધ્યાન ''તુલસી'' નામની બાળકી તરફ ગયું. ચાર-પાંચ દિવસથી તે શાળામાં આવી નહોતી. મેં બીજા શિક્ષકસાહેબને આ સંદર્ભે વાત કરી તો જાણવા મળ્યું કે તેમના વર્ગનો ''ખેંગાર'' નામનો વિદ્યાર્થી પણ નિશાળમાં નથી આવતો. અમે મોટી રિસેસમાં આ બાળકોની મુલાકાત કરવાનું વિચારી અમારી ફરજના કામે જોડાયા.

વિદ્યાના અર્થી પોતપોતાની વૃત્તિઓમાં મગ્ન હતા. શાળાનું વાતાવરણ શાંત હતું. સમયની ઘડિયાળ

દોડતી હતી. બપોરનો ઘંટ વાગ્યો. કોલાહલ કરતાં બાળકોનાં ઝૂંડ મધ્યાહ્‌ન ભોજન માટેની વ્યવસ્થા તરફ વળ્યાં. બીજી તરફ હું સાહેબને મળવા ગઈ. બહારથી આવેલ કોઈ વાલી સાથે ચર્ચા કરતાં સાહેબ 'થોડી રાહ જુઓ બહેન' કહેતા કમ્પ્યૂટર સાથે માહિતીની એન્ટ્રી કરવાના કામે જોડાયા. દસેક મિનિટનું કામ પૂરું કરી સાહેબે મારી સાથે વાત કરી અને અમે બન્ને બાળકોનાં ઘરે જવાં નીકળ્યાં.

કુંજ વિસ્તાર જેની વનરાજી જોતાં આંખો ઠરે એ તરફ અમે નીકળ્યાં. ચોમેર ઘઉંના પાકે પોતાની ધાક જમાવી હોય એવું લહેરાતાં ખેતરો જોઈ ભાસી રહ્યું હતું. જોતજોતામાં તુલસીનું ઘર આવ્યું. હું અને સાહેબ બન્ને તુલસીના બાપુને મળ્યા.

સાહેબ બોલ્યા, ''વિનુભાઈ, તુલસી કેમ શાળામાં નથી આવતી?'' તો વિનુભાઈએ વળતો જવાબ આપતાં કહ્યું, ''સાહેબ મીં તો એને ઘણું કીધું પણ સૉરીનું મન જ નિહાળમાં ચોંટતું નહીં. ઘેર ઘરના કામ કરસ પણ નિહાળમાં ગમતું નહીં. બુનન જોર આવસ.'' મેં તુલસીની સામે જોઈ કહ્યું, ''બેટા શાળામાં તને કોઈ ડરાવે છે કે હેરાન કરે છે? તું જણાવ તને શાળામાં શી તકલીફ છે?'' અમારી વાતો સાંભળી છતાં તુલસી એકદમ ચૂપ જ હતી. ઘણી વાર સમજાવવા બાદ તે બોલી ''હારુ બેન, હું કાલ નિહાળમાં આવે.'' એના શબ્દ સાંભળી મનમાં એક ચિંતા ટળી કે હવે એ ઘરે નહીં રહે. નિશાળમાં ચોક્કસ આવશે.

એક વાલી તથા બાળકને સમજાવવામાં સફળ રહ્યાં એના આનંદ સાથે અમે આગળ વધ્યાં. કુંજ વિસ્તારની પ્રકૃતિ મનને નિરવ શાંતિથી ભરી દે એવી હતી. બપોરના થોડા આકરા લાગતા સૂર્યદેવની ગતિને જોતાં જોતાં ખેતરની વચ્ચે રહેલ વાડા તરફ વળ્યાં. જ્યાં થોડીક નાની નાની ઝૂંપડીઓ થોડા થોડા અંતરે હતી. તેની આજુબાજુ બકરીઓ ને ગાયોના અવાજ સંભળાતા હતા. ઘરની ફરતે વાડો જેમાં આ બકરીઓ-ગાયોને પાર કરી ઘર સુધી પહોંચવું શી રીતે? એ બાબતે થોડી હું વિમાસણમાં હતી પણ ધીમે ધીમે બકરીઓ-ગાયો વચ્ચે થઈ ઘર સુધી પહોંચ્યા. ત્યાં ચોગાનમાં જ નાની ખાટલી પર ડંડો લઈને માજી બેઠાં હતાં. દેખાવમાં બેઠી દડીના, અવાજમાં જુવાનડીને શરમાવે એવો રોફ અને જુસ્સો હતો. અમને જોઈને બોલ્યા, ''આવો માસ્તર સાહેબ, બહેન આવો.'' સાહેબ બોલ્યા, ''ખેંગાર... ક્યાં ગયો ખેંગાર, કેમ શાળાએ નથી આવતો?'' સાહેબની વાત પૂરી થઈ ના થઈ ત્યાં તો ઓલ્યા માજી બોલી ઊઠ્યા, ''અમને નોકરી કુણ દે સે ભંઈ ખેંગારને નિહાળે મોકલીએ. કાંઈ ભણવું-બણવું નથી. આ ઢોર-ઢાંખરને કોણ હાચવહે.'' માજી સાથેની મગજમારી છોડી અમે ખેંગારના બાપુને મળ્યાં. ખેંગારના બાપુએ કહ્યું, ''સાહેબ ખેંગારને આ ગાયું ચરાવવા હાથે લઈ ગ્યો તો. હું એકલો બધી ગાયુમાં પોંચી વળતો નહીં તંઈ ઈને લઈ જાઉ સું.'' સાહેબ બોલ્યા ''પણ કાકા નિશાળ પણ જરૂરી છે. એની સમજણ વધે અને ભવિષ્ય સુધરે એ સારું એને શાળાએ મોકલો.'' એમણે પણ સકારાત્મક જવાબ આપતાં ઉમેર્યું, ''ભલે તંઈ કાલથી આવી જાહે.''

આજનું આવેલું સાર્થક ગણતાં અમે બન્ને નિશાળ તરફ આગળ વધતાં હતાં ત્યાં પાછળથી બૂમ સંભળાઈ, ''ઓ બેન... ઓ સાહેબ... ઊભા રોને... ઊભા રો.'' હાંફળી-ફાંફળી દોડતી આવતી નાનકડી પગલીઓ થોડી વારમાં તો અમારા સુધી પહોંચી ગઈ. શ્યામ પણ હૃદયને વહાલો લાગે એવો ચહેરો, તેના પર રમી રહેલું નિર્દોષ સ્મિત, આંખોમાંથી નીતરતો આનંદ. સહસા બોલી ઊઠી ''ઓ બેન... ઓ સાહેબ મારે ઘરે હાલોને મારા બાપુને મળવા હાલોને.'' પાંચ-સાત વરસની દીકરીના અંતરના ભોળપણને પ્રગટ કરતા ભાવને અમે નકારી ન શક્યાં. મારી આંખો તો એના ચહેરાને પરભવનો કોઈ નાતો હોય એમ નિહાળી રહી હતી. મારા અંતરને પણ મજા આવી રહી હતી. જગથી ન્યાયી લાગતી વાતો એ નાનકડા મુખથી બહાર

આવતી હતી. દીકરી બોલી ''બેન મારે નિહાળે આવું સે, મારા બાપુને ક્યો ને, હંધાય ભણે સે, ઓલ્યો લાલીયોયે ભણે સે. મને સુકામ નિહાળે નથી મોકલતા... ક્યોને સાહેબ બાપુને ક્યો.''

આ નાનકડા પારેવાનો નિશાળનો તરવરાટ એના દરેકે દરેક અંગમાંથી પ્રગટતો હતો. અમે વાતો કરતા કરતા એના ઘર સુધી પહોંચ્યાં. ઘેટાં-બકરાંની વચ્ચે નાનકડી ઝૂંપડીમાં રહેતા પરિવારના સભ્યો અમને આવેલા જાણી બહાર આવ્યા. એમાં વડીલ હતા એ બોલ્યા, ''કેમ આવ્યા સાહેબ ? બેસો... બહેન બેસો.'' અમે બેઠા મેં પૂછ્યું, ''કાકા આ છોકરીને ભણવા મૂકી છે ?'' કાકા બોલ્યા, "હા ભણવા મૂકી સે.'' સાહેબે કહ્યું, "કેમ એને નિશાળે નથી મોકલતા ? એની ભણવાની ખૂબ ઇચ્છા છે તો નિશાળે મોકલો.'' કાકા ચૂપ રહ્યા એ નાનકડા પરિવારની માની આંખમાં આંસુ આવી ગયાં. એ મા બોલી, ''બેન ઘણુંય થાય સે કે ઈને તૈયાર કરી નિહાળે મોકલુ. હંધાય સોકરાં જાય સે ને મારી સોનુ ઘરે રેસેને તઈ મારું કાળજુ કપાય સે પણ હુ કરું...'' કહેતા મા રડી પડી.

આ બધી વાત સાંભળી મેં પૂછ્યું કે ''એને શું થયું છે ?'' તો એ વડીલ દાદા બોલ્યા, ''ઈ સોડીને વઈ આવે સે બહેન બેથી તણવાર તો ઇ સૂલામાં પડી ગઈ ને ઘરમાં તો ઘણીએ વાર પડી જાય સ.'' આ શબ્દો સાંભળી મારા અંતરમાંથી અગ્નિનું મોજું જાણે પસાર થયું હોય એમ સહસા મારા મોંમાંથી શબ્દો સરી પડ્યા. ''ના હોય કાકા ?'' મારું અંતર ખળભળી ઊઠ્યું. સાહેબે પૂછ્યું ''કાકા દવા નથી લેતા ?'' તો કાકાએ જવાબ આપ્યો, ''ઘણીએ દવાઓ કરાવી, કાંઈ ફરક નથી પડતો.'' મોટેરાઓની વાતો સાંભળતું એ નાનું પારેવું બોલી ઊઠ્યું, ''બાપુ, સાહેબને ક્યોને... બેનને ક્યોને મને બધું મટી ગ્યું સે મને નિહાળે લઈ જાય. ઓ બેન... મને મટી ગ્યું સે, મારે નિશાળે આવવું સે.''

નિર્દોષ સ્મિત રેલાવતા એ ચહેરાને દુઃખની ગમગીની ગળી ગઈ હતી. એક નિસાસા સાથે અમે શાળા તરફ પાછા ફર્યા. આખા રસ્તામાં એ સોનુનો ચહેરો મારી આંખો સામે જ રહ્યો. સાહેબ પણ એ બાળકીની જ વાત કરતા હતા કે, ''ભણવું છે એને ભણવા નથી મળતું અને ભણવાની ઇચ્છા ન હોય એ પણ નિશાળે આવે છે.'' શિક્ષણજગતની વાત કરતા કરતા નિશાળમાં આવી અમે અમારા કામમાં પરોવાયા છતાં આજે મારું મન ભણાવવામાં જોઈએ એટલું ચોંટતું નહોતું. સોનુના એ શબ્દો મારા કાનમાં હજુય ગૂંજતા હતા.

બીજે દિવસે નિશાળે ગઈ તોપણ મનમાં સોનુનું જ રટણ હતું. પ્રાર્થના પછી સોનુના ઘરની બાજુમાં રહેતી ''નાથી'' સાથે મેં વાત કરી. એને મેં પૂછ્યું, ''સોનુને શું થાય છે ?'' નાથીએ જવાબ આપ્યો, "બહેન ઈને તો સેને કાંઈ વળગ્યું સે ! ઈ રોજ મને નિહાળે લઈ હાલો એમ કરતાં કરતાં પાસળ દોડે સે ! ઈના બાપુ એટલે તો ઈને નિહાળે નથી મોકલતા. ઈ તો બહેન વારે વારે બેભાન થઈ જા હે. બહેન ઈને ખરેખર કંઈ વળગ્યું હે ! કોઈ ડાંકણ હે બહેન ! ઈમ બધા વાત્યું કરે સે.'' નાથીની વાતો સાંભળી સોનુ માટેની ચિંતા વધી ગઈ.

નાથીને સમજાવ્યું, ''બેટા ડાકણ જેવું કશું હોતું જ નથી. આપણા મનનો વહેમ છે બસ.'' શિક્ષણના અભાવે ઊભા કરેલા અંધશ્રદ્ધાના પહાડને તોડવો ઘણું કપરું કામ છે. માણસના માનસપટ પર ઠોકાયેલા આ અંધશ્રદ્ધાના ખીલાને બહાર કાઢવા કયું હથિયાર કામ લાગશે એ વિચારવું રહ્યું. શિક્ષણ જ એનો સાચો ઉપચાર છે છતાં ક્યાંક ઉછેર, આસપાસનું વાતાવરણ અંધશ્રદ્ધા માટે વધુ જવાબદાર છે. વહેમના વાડાએ બહુ ઊંડા પગ સોનુના વિસ્તારમાં ફેલાવ્યા છે જેને શિક્ષણ જ સુધારી શકે છે. વિજ્ઞાનની હરણફાળવાળા યુગમાં આજે આપણે જીવી રહ્યા છીએ. માણસ અવકાશને આંબી આવ્યો છે છતાં ક્યાંક કોઈક કોઈક ખૂણા આ વિજ્ઞાનના

રંગે રંગાયા વગરના છે. અરે ! રંગનો છાંટોય અનુભવ્યો નથી ! આધુનિકતા, ઉચ્ચ વિચારોની વાતો કરતો માણસ હજુ ભૂત-પ્રેતના ખ્યાલોથી બહાર નથી આવ્યો. ક્યાંક તો કેળવણી ઊણી ઊતરે છે...?! આ વહેમ-અંધશ્રદ્ધાનું દૂષણ સમાજને કોરી ખાય છે. આપણે બધું બદલી શકીએ પણ માણસની માનસિકતાને બદલવા અસમર્થ રહીએ છીએ. અંધશ્રદ્ધાના મૂળ ખૂબ ઊંડે સુધી ફેલાયેલા છે કે એને કાપવા એ સરળ નથી. શિક્ષણને વધુ પ્રાધાન્ય મળે એ ખૂબ જરૂરી છે. આ બધી વાત તો થઈ અંધશ્રદ્ધા વહેમની પણ એમાં આપણા પારેવા સોનુનું શું ?

નાનકડા પારેવાના ભણતરના એ તરવરાટનું શું ? એની ભણવા માટેની લગનીનું શું ? એને ઉપચાર મળે, સારી દવા થાય તો એ ચોક્કસ ભણી શકે પણ એના બા-બાપુની માનસિકતાનું શું ? મારા અંતરને આકુળ-વ્યાકુળ કરતા આ પ્રશ્નોનું સમાધાન શું ? છેલ્લે નિશાળને પળેપળ ઝંખતા એ મારા નાનકડા પારેવાનું શું ? એ પારેવાનું શું ?

**પ્રોત્સાહન ઈનામ**

**– મનીષાબહેન મોહનભાઈ રાઠોડ**

*હોદ્દો : ઉપશિક્ષક*

*સગરવાડાના નાકે, મીરા દરવાજા, ઈડર - ૩૮૩ ૪૩૦*

★

# સરોવરનું સફેદ ફૂલ



ગયા ઉનાળાની વાત છે. રોહનની ઘડિયાળમાં અગિયાર વાગી ગયા હતા પણ તેને ઊંઘ જ નહોતી આવતી. તેનું એ. સી. પણ ખરાબ થઈ ગયું હતું. ગરમી કહે કે આજે મારો વારો. ઘરમાં બીજા બધા જ સૂઈ ગયા હતા. રોહન તેના પલંગ પર આડો પડેલો હતો. પંખો પાંચ પર ચાલતો હતો. પીળી જર્સી પહેરેલો રોહન સ્વચ્છતા વિષય ઉપર ચિત્ર પૂરું કરી રહ્યો હતો. થોડી વાર પછી તે આડો પડ્યો-પડ્યો વિચારવા લાગ્યો. ''મારા આખા પરિવારજનોએ શું ખાધું છે કે આટલી ગરમીમાં પણ સૂઈ ગયાં ? પેટમાં એ. સી. છે કે શું ?'' રોહન તેના રૂમમાં એકલો જ હતો, પણ અચાનક તેને એવું લાગ્યું કે કોઈએ ફૂંક મારી ? તેને લાગ્યું કે દરવાજા પાસેથી હવા આવી હશે. તેને હવે સહેજ ઊંઘ આવી હતી. થોડી વાર પછી તે અચાનક ઊઠ્યો તો તે આશ્ચર્ય પામ્યો કે, ''આ હું કેવી જગ્યાએ આવી ગયો !''

રોહન પહોંચી ગયેલો એક જંગલમાં. અને આ જેવું-તેવું સાધારણ જંગલ નહોતું. અહીં આકાશ ગુલાબી હતું. ઝાડ લીલાં નહીં પણ રંગબેરંગી હતાં. જંગલમાં બંને બાજુ ઝાડ હતાં અને વચ્ચે રસ્તો હતો. રોહન ઝાડની થોડીક નજીક ગયો તો ખબર પડી કે કેળાં પીળાં નહીં પણ ગુલાબી હતાં, સફરજન લાલ નહોતું પણ પીળું હતું, મોસંબી પણ લીલી નહોતી પણ જાંબલી હતી.

આટલી વારમાં એક સસલું કૂદતાં-કૂદતાં રોહન પાસે પહોંચ્યું. આ સસલું લાલ રંગનું હતું. સસલું બોલ્યું, ''હવે બોલ રોહન, કેવી છે આ જગ્યા?'' રોહન આશ્ચર્યચકિત થઈ ગયો, "સસલું બોલી કેવી રીતે શકે અને આને મારું નામ કેવી રીતે ખબર?'' હજી એનું વાક્ય પૂરું પણ નહીં થયું હોય ત્યાં સસલું બોલ્યું, ''ગભરાઈશ નહીં રોહન. આ જાદુઈ જંગલ છે, અહીં તને બધું આશ્ચર્યજનક જ લાગશે.''

આટલું કહીને તો સસલું આગળ ભાગી ગયું. રોહનના પગ નીચેથી જાણે જમીન જ ખસી ગઈ હોય તેવું થયું. તે સસલાની પાછળ-પાછળ ગયો. આગળ જતાં-જતાં તેની સામેનું દૃશ્ય બદલાઈ ગયું. તેની સામે એક નદી હતી પણ કેસરી રંગની. રોહનને ખૂબ તરસ લાગી હતી, પણ કેસરી પાણી તો પીવાતું હશે? રોહને સહેજ પાણી હાથમાં લીધું અને ચાખ્યું. ''આ શું! આ તો ઓરેન્જ જ્યૂસ છે!'' રોહને ફટ-ફટ તે જ્યૂસ પી લીધો.

એટલામાં એક કાચબો ધીમે ધીમે રોહન પાસે આવ્યો અને કેસરી રંગનો એ કાચબો બોલ્યો, ''રોહન, તેં આ નદીમાંથી કશું પીધું?'' રોહન નવાઈ પામેલો હતો અને એમ જ આશ્ચર્યમાં બોલ્યો, ''હા પીધું, પણ કાચબાજી તમે બોલી શકો છો?'' કાચબાએ જવાબ આપતા કહ્યું કે, ''હા, અહીં બધાં જ પશુ-પક્ષીઓ બોલી શકે છે. પણ તારે આ જ્યુસ નહોતો પીવાનો! હવે તું પણ મારા જેવો કેસરી થઈ જઈશ.''

રોહનને પોતાની આંખો પર ભરોસો નહોતો થતો પણ તે બીજું કશું કરી પણ નહોતો શકતો, એટલે તેણે કાચબાને પૂછ્યું, ''એવું કેમ? મારે કેસરી નથી થવું મને ઘેર પાછું જવું છે!'' મુંઝાયેલો રોહન રડવા જેવો થઈ ગયો હતો. તે જોર-જોરથી બૂમો પાડવા લાગ્યો, ''મને ઘરે જવું છે! મને અહીં નથી રહેવું.''

આટલું સાંભળતાં જ એક વાંદરો ત્યાં આવી પહોંચ્યો. આ વાંદરો ભૂરા રંગનો હતો, પણ તેની પૂંછડી લીલી હતી. તેણે પોતાનું નામ ચિંકુ કહ્યું. તે ચિંકુ રોહનની બાજુમાં આવ્યો અને બોલ્યો, ''ચિંતા ના કરીશ રોહન, હું તને મદદ કરીશ! આ જંગલમાં આવેલા એક સરોવરમાં એક એવું વૃક્ષ છે, જેનું ચીઝ ખાવાથી અને તે વૃક્ષનું ફૂલ ખાવાથી તું પહેલાં જેવો થઈ જઈશ.''

આ સાંભળતા જ રોહન ખુશ-ખુશાલ થઈ ગયો. રોહને ચિંકુને તે વૃક્ષ પાસે લઈ જવાનો આગ્રહ કર્યો. ચિંકુ આગળ અને રોહન તેની પાછળ ચાલ્યા બંને વૃક્ષ તરફ. થોડુંક આગળ ચાલ્યા, તો બે બતક આવ્યાં. આ બતક લીલાં રંગનાં હતાં. રોહને પૂછ્યું કે ''અહીંયાં બધાં પશુ-પક્ષીઓ વિચિત્ર રંગનાં કેમ છે?'' ચિંકુ હસતાં હસતાં બોલ્યો, ''અહીં તારી જેમ જ અલગ રંગનાં કેમ છે? કારણ કે બધાં અલગ અલગ વસ્તુઓ ખાઈ-પીને વિચિત્ર રંગનાં થયાં છે.'' વચ્ચે બોલતાં બતકે કહ્યું કે, ''જો ભૂખ લાગી હોય તો ખાવું તો પડે જ ને? તારે પણ ખાઈ લેવાનું.'' ચિંકુએ ઈશારો કરતાં રોહનને આગળ વધવાનું કહ્યું. રોહન અને ચિંકુ જોડે જોડે એક પહાડ પાસે આવી પહોંચ્યા પણ આટલો મોટો પર્વત, પર્વત જેવો લાગતો નહોતો, આ તો આઈસ્ક્રીમથી બનેલો પહાડ હતો. રોહનને હવે આઈસ્ક્રીમની તડપ લાગેલી, તેને થયું, ''મમ્મીએ તો આઈસ્ક્રીમ ખાવાની ના પાડી છે, પણ આ તો ચૉકલેટ ફ્લેવર છે.'' આટલું બોલતાંની સાથે જ એક મુઠ્ઠી ભરીને આઈસ્ક્રીમ રોહનના મોઢામાં હતો. ચિંકુએ તરત જ રાહત આપી કે આ ખાવાથી કંઈ નહીં થાય. બંને જણાએ ખૂબ આઈસ્ક્રીમ ખાધો. પણ રોહનની આંગળીઓ હવે કેસરી થવા માંડેલી. આનો ઉપાય જલદીથી જલદી કરવો પડે એવો હતો.

વળી પાછા બંને જણા ચાલવા માંડ્યા. વાતાવરણ અચાનક જ ઠંડું થઈ ગયું. રોહનને ઠંડી લાગવા લાગી હતી. તેણે બરમુડો અને પાતળી જર્સી પહેરેલી હતી. ચિંકુએ કહ્યું, ''કોઈ વાંધો નહીં, અહીં નજીકમાં

જ મારા એક માસીનું ઘર છે. તે તને ગરમગરમ ભોજન પણ આપશે.'' રોહન ખુશ થઈ ગયો. બંને જણ ચાલતાં-ચાલતાં એક ઘર પાસે પહોંચ્યા. આ ઘર એકદમ કેન્ડી હાઉસ જેવું લાગતું હતું. ઘરની પાછળ એક ફુંવારો પણ હતો. પણ આ ફુંવારો પાણીનો નહોતો, પણ મિલ્કશેકનો હતો અને એમાં પણ ત્રણ ફ્લેવર્સ હતા -- ચૉકલેટ, સ્ટ્રોબેરી અને વૅનીલા. તેની બાજુમાં મોટા-મોટા વેફલ્સ પણ હતા. એ જોઈને પછી બેઉ ઘરની અંદર ગયા તો ગરમાહટ મળી. મસ્ત સુગંધ આવતી હતી. ચિંકુ બોલ્યો, ''આ.. હા..હા..હા..! ભૂલીમાસી, આજે શું બનાવ્યું છે ?'' સામે ઊભેલી એક રીંછ, જે ચૂલા ઉપર કશું બનાવતી હતી, તેણે કહ્યું, ''આજે મેં સૂપ, પિત્ઝા અને બીજું પણ ઘણું બનાવ્યું છે. તું કોને લઈને આવ્યો આજે ?'' ભૂલીમાસીએ જવાબ આપ્યો. રોહનના મોંમાં પાણી આવી ગયું હતું, આ જોઈને ચિંકુએ તરત જ ભૂલીમાસીને કહ્યું કે, ''આ રોહન છે, એને હું તાપણું કરી આપું છું, તમે ભોજન લઈને આવો.'' આ સાંભળતાં જ રોહનને વધારે ભૂખ લાગવા લાગી. ચિંકુએ રોહનને એક આરામદાયક ખુરશી આપી અને તાપણાં સામે બેસાડ્યો. પાછળ ને પાછળ ભૂલી માસીએ રોહનને સૂપ પણ આપ્યું.

''વૉવ ! અમેઝિંગ, મને ટૉમેટો સૂપ બહુ જ ભાવે છે અને આ તો અદ્‌ભુત છે.'' સૂપ પીને રોહને થોડોક ગરમાવો લીધો જ હતો કે પીઝા આવી ગયો. પીઝા ખાઈને રોહન બોલ્યો, ''વાહ ! આ તો સ્વર્ગ છે ! મેં આનાથી સારો પીઝા આજ સુધી કદી નથી ખાધો.''

ત્રણેય જણે ભોજન કર્યા બાદ સ્વાદિષ્ટ બ્રાઉની ખાધી અને આરામ કરવા બેઠા જ ત્યાં રોહનનું ધ્યાન તેના પગ પર પડ્યું. તેના પગ અડધા કેસરી થઈ ગયેલા આથી તેને ચિંતા થવા લાગી અને તેણે ચિંકુ પાસે આગળ જવાની મદદ માગી.

હવે ફરીથી ચિંકુ અને રોહન સફરમાં નીકળ્યા. બંને ચાલતા હતા કે એટલામાં ઊડતો ઊડતો એક કાગડો આવ્યો. આ કાગડો લાલ હતો. આ કાગડો ''કા કા''ની જગ્યાએ ''જા જા'' બોલતો હતો. ચિંકુને આ સંકેત ખબર પડી ગઈ અને તેણે રોહનને ચેતવ્યો કે, ''જો અંધારું થઈ ગયું તો તને સાજો કરવાવાળું વૃક્ષ કામમાં નહીં લાગે અને તું આવો જ રહી જઈશ.'' આ સાંભળતાં જ રોહન ચિંતામાં પડી ગયો અને ગભરાઈ ગયો. તેણે ચિંકુને જલ્દી ચાલવાનું કહ્યું. બંને ફરી પાછા ઝડપથી ચાલવાં લાગ્યાં.

બંને એક કલાક સુધી સતત ચાલવાના કારણે થાકી ગયેલાં. અને રોહનના પગ પણ દુખવા લાગેલા. ચિંકુ પણ થાકી ગયેલો, પણ જવું તો હતું જ, અચાનક ચિંકુને એક યુક્તિ સૂઝી અને તેણે સીટી મારી, ''ફી... ઉ... ફી...'' તરત જ ઝાડીઓમાંથી એક ઘોડો દોડતો દોડતો આવી પહોંચ્યો. આ ઘોડો જાંબલી અને સફેદ રંગનો હતો. રોહનના ચહેરા પર પણ કેસરી રંગ ચઢવા લાગ્યો હતો એટલે થોડોક પણ સમય વ્યર્થ કર્યા વિના બંને જણા ઘોડા ઉપર બેસીને આગળ વધ્યાં.

રોહન અડધાથી વધારે કેસરી થઈ ગયેલો, એટલામાં જ સામે દેખાતા સરોવરમાં સૌથી અલગ વૃક્ષ દેખાયું. ચિંકુએ તે વૃક્ષની સામે આંગળી કરતાં કહ્યું, ''આ જ છે તને સાજો કરવાવાળું વૃક્ષ. રોહન મુંઝાયો કે હવે સરોવરમાં કેવી રીતે જવાશે ? ત્યાં તો ઘોડો એક છલાંગમાં સરોવરમાં કૂદ્યો અને પાણીની ઉપર દોડવા લાગ્યો અને પેલા વૃક્ષ સુધી પહોંચી એની નીચે ઊભો રહ્યો. ચિંકુએ તરત જ એ વૃક્ષ પર ચઢીને ચીઝ અને બે સફેદ ફૂલ લઈને નીચે ઊભેલા રોહનને આપ્યા. રોહને તરત જ એ ચીઝ અને એક ફૂલ ખાઈ લીધાં. બીજું ફૂલ તેણે પોતાના બરમૂડાના ખિસ્સામાં મૂકી દીધું. તેની આંગળીઓથી કેસરી રંગ જવા પણ લાગ્યો. રોહન તરત જ વાંદરાનો આભાર માનવા જ આગળ વધ્યો કે નીચે એક મોટો ખાડો હતો. રોહન સીધો એ ખાડામાં

પડી ગયો. આજુબાજુ બધે અંધારું હતું. કશું જ દેખાય નહિ કે અચાનક તેના મોઢા પર ભીનું ભીનું લાગ્યું, તેણે આંખો ખોલી અને પોતાને પોતાના પલંગ પર જોયો. તેની મમ્મી તેને ઉઠાડતી હતી.

રોહન તેની પથારી ઉપર બેઠો થયો અને મૂંઝાઈ ગયો. ''શું આ સપનું હતું ?'' આટલું વિચારતાં તેનો હાથ તેના ખિસ્સામાં ગયો અને એના ખિસ્સામાં સાચ્ચે જ પેલું સફેદ ફૂલ હતું.

**પ્રથમ ઈનામ**

**– મુસ્કાન જિગીષા રાજ**

*વર્ગ-૯-ડી,*

*રોલ નં. ૩૩*


*શાળા : ઝેબર સ્કૂલ ફૉર ચિલ્ડ્રન*

*ઈ-મેઈલ : jigisharaj1309@gmail.com*

*મો. ૯૯૭૪૬૫૭૧૧૩*

★

# સૂઈ રહેવાના ચાર લાડુ



જનકપુર નામે એક ગામ હતું. તે ગામમાં એક જ ઘરમાં કાકા અને ભત્રીજો રહેતા હતા. કાકાનું નામ હતું સોમભાઈ અને ભત્રીજાનું નામ હતું રામુ. કાકા અને ભત્રીજા બેમાંથી એકેયનાં લગ્ન થયાં હતાં નહિ. તેઓ ઘરમાં એકલા રહેતા હતા. કાકા અને ભત્રીજો ગામમાં સાફ-સફાઈ કરી ગામને સ્વચ્છ રાખવાનું કામ કરતા હતા. બદલામાં ગામ લોકો તેમને કેટલીક વાર ખાવાનું પણ આપતા હતા. એવામાં ઉત્તરાયણનો તહેવાર આવ્યો. આથી કાકા અને ભત્રીજાને બે દિવસ ગામવાળાઓએ જમવામાં લાડુ આપ્યા પણ એટલા લાડુથી બન્નેને સંતોષ ન થયો. આથી કાકા અને ભત્રીજાએ ઘરે લાડુ બનાવવાનો નિર્ણય કર્યો. ભત્રીજો બજારમાં જઈ ઘી, લોટ, ખાંડ લઈ આવ્યો અને રાત્રે બન્ને જણ લાડુ બનાવવા બેઠા. મસ્ત લાડુ બન્યા પછી ગણતરી કરી તો લાડુ બન્યા સાત.

હવે શું કરવું? બંને મૂંઝાઈ ગયા? સાત લાડુના બે સરખા ભાગ કેવી રીતે કરવા? ભત્રીજો કહે ''આવા મસ્ત ગોળ લાડવાનો અડધો ભાગ કરીશું તો ભૂકો થઈ જશે. જુઓ, કાકા લાડવો ખાવો તો આખો જ ખાવો. એકી સાથે આટલા બધા લાડવા હાથમાં આવેલા જોઈ બન્નેનું મન લલચાયું. કાકા કહે, ''હું મોટો છું હું ચાર લાડુ ખાઈશ.'' ભત્રીજો કહે, ''હું જુવાન છું મારે વધારે ખોરાક જોઈએ હું ચાર લાડુ ખાઈશ ને તમે ત્રણ ખાજો. કોણ ચાર લાડવા ખાય તેને માટે બંને વચ્ચે હુંસા-તુંસી થઈ, બન્ને આમને-સામને ઝઘડવા

પર આવી ગયા. છેવટે બન્નેએ નક્કી કર્યું કે આવતી કાલે સવારે જે મોડા ઊઠે તે ચાર લાડુ ખાય.

પછી તો રાત્રે બન્ને જણ લાડુના સપનાં જોતાં-જોતાં સૂઈ ગયા. સવાર પડી, બન્ને જણ જાગી ગયા પણ એકેય ઊઠવાનું નામ ન લે. દૂધવાળો આવ્યો, બારણું ખખડાવ્યું અને બારણું ન ખૂલ્યું તો થાકીને પાછો જતો રહ્યો. બારણાનો અવાજ સાંભળી બન્નેએ મનમાં વિચાર્યું,

'લાડુ ખાવાની મજા પણ સૂઈ રહેવાની સજા.'

થોડી વાર પછી પેપરવાળો આવ્યો, તેણે પણ બૂમો પાડી પરંતુ બારણું ન ખૂલ્યું. શાકભાજીવાળો આવ્યો તેણે પણ બારણું ખખડાવ્યું પણ બારણું ન ખૂલ્યું. થોડા સમય પછી ગામના લોકો શેરી વાળવા માટે બોલાવવા આવ્યા. ઘણી બૂમો પાડી પણ બારણું ન ખૂલ્યું. તેઓએ વિચાર્યું બહારગામ ગયા હશે. દરેક વખતે બારણાનો અવાજ સાંભળી બન્નેએ મનમાં વિચાર્યું,

''લાડુ ખાવાની મજા, પણ સૂઈ રહેવાની સજા.''

બારણેથી આટલા બધા અવાજ આવ્યા છતાં કાકો કે ભત્રીજો બન્નેમાંથી એક પણ ઊઠે નહિ. ખબર હતી કે જે વહેલો ઊઠશે તેને એક લાડવો ઓછો મળશે. બપોર થવા છતાં પણ ઘર ન ખૂલ્યું. તો પાડોશીઓએ પણ બારણું ખખડાવી જોયું. બારણાંનો અવાજ સાંભળી બન્નેએ મનમાં વિચાર્યું.

''લાડુ ખાવાની મજા પણ સૂઈ રહેવાની સજા.'' પાડોશી ઘરે પાછા જતા રહ્યા. ઘણા સમય સુધી બારણું ન ખૂલ્યું તો પાડોશીને ચિંતા થવા લાગી કે આ બંનેને કંઈ થયું તો નથી ને? બધા ગામલોકોએ ભેગા થઈ ફરી બારણું ખખડાવ્યું અને જોર-જોરથી બૂમો પાડી પણ બારણું ન ખૂલ્યું. ફરી પાછા બન્ને મનમાં વિચારે કે,

''લાડુ ખાવાની મજા, પણ સૂઈ રહેવાની સજા.''

બારણું ન ખૂલ્યું એટલે પાડોશીઓએ વિચાર્યું કે અલ્યા બન્ને અંદર મરી ગયા કે શું?

આખરે પાડોશીઓએ ઘરનો દરવાજો તોડ્યો અને અંદર ગયા. જોયું તો કાકા-ભત્રીજો પથારીમાં બંધ આંખે પડ્યા હતા. એમને હલાવી જોયા પણ આંખ ઊંચી ન કરે. ઠંડું પાણી છાંટ્યું પણ લાડવાની લાલચમાં તેઓ ન હાલે કે ન ચાલે. એટલે એક વડીલ બોલ્યા કે આ બન્નેના તો કોઈ કારણસર રામ રમી ગયા લાગે છે. આમનાં સગાં-વહાલાંઓને બોલાવો અને આમને સ્મશાને લઈ જવાની તૈયારી કરો. એટલે પાછું બન્નેએ મનમાં વિચાર્યું કે, ''સાલુ, લાડુ ખાવાની મજા પણ સૂઈ રહેવાની ભારે સજા.''

બંનેને સ્મશાને લઈ જવાની તૈયારીઓ શરૂ થઈ. મરણક્રિયાનો સામાન મંગાવ્યો. બન્નેની ઠાઠડીઓ બાંધી. તોય કાકો અને ભત્રીજો આંખ ન ખોલે. બધા ભેગા થઈ તેમને સ્મશાને લઈ જવા નીકળ્યા. સ્મશાનયાત્રા સ્મશાન તરફ આગળ વધી. સૌ બોલતા જાય ''રામ બોલો ભાઈ, રામ... રામ બોલો ભાઈ રામ...'' પણ કાકો ભત્રીજો આંખ ન ખોલે. તેઓ સ્મશાને પહોંચી ગયા, બન્નેના મનમાં ગભરાટ થવા લાગ્યો. વળી પાછા વિચારે કે, ''લાડુ ખાવાની મજા, પણ ઠાઠડીમાં સૂવાની સજા.''

ઠાઠડીમાં સૂતા હતા તો પણ લાડવાની લાલચ છૂટતી ન હતી. ચિતાઓ ગોઠવવામાં આવી. હવે ભત્રીજાએ વિચાર્યું, ''જો નહીં બોલું તો આ લોકો ચિતામાં મૂકીને મને બાળી દેશે. જો મરી જઈશું તો એક પણ લાડવો ખાવા નહીં મળે. જીવીશ તો ફરીથી લાડવા બનાવીને ખાઈશ. કાકા તો ઠીક છે બુઢ્ઢા છે. પણ હું તો જુવાનજોધ છું, મારે બળી મરવું નથી. એમ વિચારી ભત્રીજો બૂમ પાડી ઊઠ્યો. ''કાકા, ચાર તમારા ને ત્રણ મારા.'' ત્યારે ઠાઠડી પરથી કાકા બેઠા થયા ને બોલ્યા, ''પાક્કું ને?''

કાકા અને ભત્રીજા બન્નેને ઠાઠડીમાં ઊભા થયેલા જોઈ ગામલોકોને લાગ્યું કે આ તો બંને ભૂત બન્યા

છે. એટલે લોકો ગામ તરફ દોડ્યા. કાકા-ભત્રીજા તેમની પાછળ દોડવા લાગ્યા. વળી લોકોને લાગ્યું કે જો આ ભૂત-પ્રેત ગામમાં ઘૂસી જશે તો ગામ લોકોને હેરાન-પરેશાન કરી મારી નાંખશે. એટલે ગામમાંથી લાકડીઓ લઈ લોકો આવ્યા અને મારી-મારી દૂર-દૂર ભગાડી દીધા.

મિત્રો, અતિ લોભ એ પાપનું મૂળ છે તેથી લોભ-લાલચ કરવા નહિ.

છેલ્લે બે પંક્તિ લખી મારી વાર્તાને વિરામ આપું છું.

''નહોતું સૂવું તોપણ સૂઈ રહ્યા,<br>
લાડવાની લાલચમાં ઠાઠડીમાં સૂઈ ગયા.''

**દ્વિતીય ઈનામ**

**– હેત જતીનકુમાર પટેલ**

*સરનામું : ૩૦૨, નવજીવન ફ્લૅટ, સોહમ સર્કલ પાસે,*<br>
*અલપાણ, સુરત-૩૯૫૦૧૭ મો. ૮૧૨૮૫૨૭૩૦૯*<br>
*શાળાનું નામ : શેઠ શ્રી પી. એચ. બચકાણીવાલા વિદ્યામંદિર*<br>
*સરનામું : ખરવરનગર, ખટોદરા, સુરત.*<br>
ધોરણ-૯

★

# સુંદરપુરનો સૂરજ



સુંદરપુર નામે એક શહેર. આ શહેરમાં ભાતભાતના લોકો રહે. તેમાં સૂરજ નામે એક છોકરો. તેના દાદા-દાદી, મમ્મી-પપ્પા અને બહેન સાથે રહે. સૂરજ ભારે હોશિયાર હોં ! તે નાનો હતો ત્યારથી તેને નદી, ઝાડ, આકાશ, ચાંદો, સૂરજ, પવન, પર્વત, વરસાદ બહુ જ ગમે. તેને આ બધાંની સાથે ખૂબ આનંદ આવે અને હા, તેને સ્વચ્છતા પણ ખૂબ ગમે. ગંદકીમાં તો તે ક્ષણભર રહી જ ન શકે ને ! તે જ્યાં ગંદકી જોવે ત્યાં ત્યાં તે સાવરણો લઈ સાફ કરવા લાગી જાય. પણ ક્યાં સુધી ? તે પણ કામ કરતાં થાકી જાય. તેને થાય કે આ ગંદકીનું એવું કાંઈ કરવું પડશે કે જેમાં હું પણ ન થાકું અને ગંદકી પણ સાફ થાય. પણ આ કરવું શી રીતે ?

એક વખત સૂરજના સપનામાં પરી આવી. પરીએ સૂરજને બોલાવ્યો. સૂરજ પહેલાં ડર્યો. ગભરાતાં-ગભરાતાં બોલ્યો, ''તતતતમે કકોણ છછછછો ?'' પરીને ખૂબ હસવું આવ્યું. તે બોલી, ''હું સોનપરી છું. મને તારા જેવા બાળકો ખૂબ ગમે છે.'' સૂરજે પૂછ્યું ''મેં એવું તે શું કર્યું છે કે જે તમને ખૂબ ગમ્યું ?'' પરીએ મધમીઠા સ્વરે કહ્યું, ''તું ગંદકી સાફ કરે છે, તે મને ખૂબ જ ગમ્યું. મને પણ તારી જેમ ગંદકી જરાય ગમતી નથી.'' સૂરજ હવે પરીને ઓળખી ગયો. પછી તો પરીએ અને સૂરજે ખૂબ વાતો કરી. ખૂબ રમ્યા. સવાર થવામાં થોડી વાર હતી. પરીએ કહ્યું, ''સૂરજ હવે મારે જવું પડશે. આપણે ફરીથી મળીશું બાય...'' આ સાંભળી સૂરજ દુઃખી થઈ ગયો. એટલે જતાં જતાં પરીએ એક ડબી સૂરજને આપી કહ્યું, ''આ જાદુઈ ડબી છે. તું જ્યારે પણ તેને ખોલીશ ત્યારે તેમાંથી એક ઠીંગુજી નીકળશે. તેમને તું જે પણ કામ કહીશ, તે તેઓ કરી આપશે.'' પરીની આ વાત સાંભળીને સૂરજ રાજીનો રેડ થઈ ગયો. સૂરજ જ્યારે સવારે ઊઠ્યો,

ત્યારે તેનું આ સપનું તેને યાદ આવ્યું. તેને થયું સાચે જ મારી પાસે આવી જાદુઈ ડબી હોત તો? ત્યાં જ તેની નજર તેના ઓશિકા તરફ ગઈ. ત્યાં પણ પરીએ આપેલ એવી જ એક ડબી હતી. સૂરજે આ ડબી ખોલી. પવનના ઝાપટા સાથે એક ઠીંગુજી બહાર આવ્યા. તેમણે કહ્યું, ''કહો સૂરજભાઈ, હું તમારી કઈ રીતે મદદ કરી શકું?'' સૂરજને પરી પર વિશ્વાસ હતો માટે તે ઠીંગુજીથી ગભરાયો નહિ અને બોલ્યો, ''તમે મને અહીં બેઠા બેઠા જ તૈયાર કરી શકો?'' ઠીંગુજી કહે ''હા'' અને તેમણે ચપટી વગાડતાં તો સૂરજભાઈ તૈયાર! ત્યાં જ સૂરજની મમ્મી સૂરજને ઉઠાડવા આવી. પણ આ શું? રોજ ઉઠાડીને થાકી જવાય ને ભઈ આજે તો તૈયાર? મમ્મી તો ખૂબ ખુશ થઈ ગઈ. સૂરજે મમ્મીને સપનાની ને ઠીંગુજીની વાત કરી. મમ્મી પણ આ વાત સાંભળી રાજી થઈ ગઈ.

સૂરજને તો હવે દાદાજી (ઠીંગુજી) જ હોમવર્ક કરાવતાં, રમાડતાં, સ્કૂલે લેવા મૂકવા જતાં વાહનમાં નહિ હોં ઊડતા ઊડતા! સૂરજ ઝડપથી સ્કૂલે પહોંચી જતો. પણ તે રસ્તામાં ખૂબ ટ્રાફિક, ધુમાડો, પ્રદૂષણ જોતો. લોકોને હેરાન થતા જોતો. શિયાળાની કાતિલ ઠંડી અને ઉનાળાની ભયંકર ગરમી, ચોમાસામાં વરસાદની અનિયમિતતા તે જોતો. તેને ખૂબ દુઃખ થતું.

એક દિવસ તેણે તેના પપ્પાને આમ થવાનું કારણ પૂછ્યું. પપ્પાએ તેને સમજાવ્યું કે, ''જો બેટા, વધુ પડતો ટ્રાફિક, કારખાનાનાં ધુમાડાથી આવું થાય છે. વળી ઝાડ એટલે કે જંગલો કપાય છે. વધુ વૃક્ષો વાવવાથી, પેટ્રોલ-ડિઝલના વિવેકપૂર્ણ ઉપયોગથી આ બધું ઘટી શકે છે.

ખૂબ મનોમંથન બાદ તેણે દાદાજીને કહ્યું, ''દાદાજી, હવે તમે જ કાંઈ કરો. દાદાજી તો લાગ્યા કામે.

પણ આ શું? ૨ દિવસ, ૧૨ દિવસ, ૨૨ દિવસ થવા છતાં કોઈ ફરક નહિ. દાદાજી તો ચિંતામાં પડ્યા. તેમણે સૂરજને કહ્યું કે બેટા, ''હું આમાં કાંઈ જ ન કરી શકું પણ મનુષ્ય પોતે જ પોતાની મદદ કરી શકે.'' ''એ કઈ રીતે?'' સૂરજે પૂછ્યું.

''જો બેટા, તું તારા મિત્રોને ભેગા કર અને તમે બધાં જ ખાલી જમીનમાં ઝાડ વાવવાનું શરૂ કરો. નજીકમાં રહેતા મિત્રો એક જ વાહનમાં જાઓ. સાઇકલ ચલાવી સાઇકલ ચલાવવાનો સંદેશો આપો. લોકોને પાણી, વીજળી, પેટ્રોલ બચાવવા સંદેશો આપો. કચરો ગમે ત્યાં ન ફેંકવા જણાવો તો કાંઈક ઉકેલ આવે.''

તેણે મિત્રોને ભેગા કરી આખી વાત સમજાવી. અને આ નાનકડી ફોજ તો સુંદર કાર્ય કરવા લાગી ગઈ. લોકોને પણ સમજાવ્યા. અને બે જ વર્ષમાં તેમનું સુંદરપુર હરિયાળું બનવા લાગ્યું. બાળકો સાથે શિક્ષકો અને લોકો જોડાયા. બધાનો ખૂબ ખૂબ સાથ-સહકાર મળ્યો. બધાં સૂચનોનો અમલ કરતાં હતાં. સુંદરપુર સ્વચ્છ અને હરિયાળું બન્યું. લોકોમાં સંપ વધ્યો.

હવે સુંદરપુરમાં ખૂબ વૃક્ષો છે, કચરાનો યોગ્ય નિકાલ થાય છે. લોકોએ પ્લાસ્ટિકને ના કહી દીધી. સાઇકલનો વધુ ઉપયોગ થવા લાગ્યો.


સુંદરપુરને ભારત સરકાર તરફથી ''હરિયાળા સુંદરપુર''નો ખિતાબ મળ્યો. દાદાજી અને સૂરજ હજી પણ સાથે મળીને લોકોપયોગી કાર્યો કરે છે અને આનંદમાં રહે છે.

**તૃતીય ઈનામ**

**– ઓમ એમ. પટેલ**
*ધોરણ-૯*
*શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ*
*સ્થળ : આંબાવાડી, અમદાવાદ*

★

# ચતુર ચિન્ટુ



આવો બાળકો આવો
આવો બાળકો આવો
વાત કહું છું સ્વચ્છતાની
વાત કહું છું સ્વચ્છતાની

એક સુંદર વડલો ને તેના પર પાંચ વાંદરા રહેતા. આખો દિવસ તેઓ કૂદાકૂદ કરતા. તેઓ પૈકી એક નાના વાંદરા ચિન્ટુમાં સ્વચ્છતાની ખૂબ જ સમજ હતી. આખો દિવસ તેઓ પણ એટલા વ્યસ્ત રહેતા. સાંજે જ તેમના વડલા પર ભેગા થતા. વડલાની છાયા મીઠી હતી. તેથી બપોરે પણ આરામ કરવા આવી જતા. આખો દિવસ તો શ્રેયસ શાળામાં ફરતાં રહે. શાકભાજીના બજારમાં જઈ આવતાં. ઠેર-ઠેર ફરતાં ફરતાં, જાત-જાતનાં ફળો ને શાકભાજી ખાવાની મજા અનેરી હતી.

વડલાની સામે એક મંદિર હતું. દર્શનાર્થીઓ દર્શન કરી પ્રસાદ ખાધા પછી કચરો કચરાપેટીમાં નાખતા. આ જોઈ વાંદરાઓએ એટલી તો સમજ કેળવી લીધી હતી કે જ્યાં ત્યાં કચરો નાંખીને ગંદકી કરવી નહીં. પરંતુ ચીકુભાઈમાં આ સમજ કેળવાઈ નહીં.

પાંચ વાંદરાભાઈ પૈકી સૌથી મોટા ચીકુભાઈ અને સૌથી નાના ચિન્ટુભાઈ. ઉંમરમાં નાના પણ બુદ્ધિમાં

નાનપણથી ચતુર હતા. તેમને એક યુક્તિ સૂઝી. તેમણે ઠેર-ઠેરથી અલક-મલકનું સ્વાદિષ્ટ ભોજન એકઠું કર્યું. ચીકુભાઈને ભોજન માટે આમંત્રણ સવારે જ આપ્યું હતું. ચીકુભાઈએ તો તેમની (ચિન્ટુની) ડાળીએ બેસી જમણ કર્યું. ખૂબ જ આનંદથી કેળાં, ચીકુ, કાચા બટાકા, ચણા, રોટલી ખાધાં, જ્યુસ પીધું. પછી છાલ ને કચરો નીચે ઢાળ હોવાથી ત્યાં જ રાખ્યો.

ખાઓ પીઓ મોજ કરો.
કચરો તો ભાઈ અહીંયાં જ કરો.

ચિન્ટુ વાંદરાએ કહ્યું, "ચીકુભાઈ, સ્વાદિષ્ટ ભોજન પછી ઉપર ચઢી ના જશો. આજે અમારા ઘરે જ સૂઈ જાવ, અમે તમારે ત્યાં સૂઈ જઈએ." એમ કહી ફટાકથી ચઢી ગયા. ચિન્ટુભાઈ ને બીજા મિત્રો ઉપરની ડાળ પર આરામથી સૂઈ ગયા.

ચીકુભાઈને તો રાત્રે ખૂબ જ મચ્છર અને સખત દુર્ગંધ આવતાં હતાં. રાતે ચીકુભાઈને ખૂબ જ મચ્છર કરડ્યા. હવે તેમને સમજાયું કે ઉપરની ડાળી પરથી વારંવાર કચરો નીચે નાખતાં મારા પરિવારજનોને શું તકલીફ થતી હશે. તેમણે કચરો પોતાના હાથે ઊંચકી કચરા ટોપલીમાં નાખ્યો.

સ્વચ્છતાના ઢોલ ટીપવાથી સ્વચ્છતા ના થાય,
સ્વચ્છતા લાવવા પહેલાં જાતને જ કેળવાય.
જન જન લેશે સ્વચ્છતા પાઠ,
તો ઘર ઘર થશે સ્વચ્છ.
ઘર ઘર થશે સ્વચ્છ તો,
ગામ થશે સ્વચ્છ.
ગામ થશે સ્વચ્છ તો,
દેશ થશે સ્વચ્છ.
સ્વચ્છ દેશ, સ્વચ્છ ભારત...

**પ્રોત્સાહન ઈનામ**
**– ઝીલ ડી. વ્યાસ**
*ધોરણ-૮*
*ડિવિઝન : $12^+xB$*
*શ્રેયસ ફાઉન્ડેશન*

★

# અસુરોનાં હાડકાં



સુરત શહેરમાં આવેલ પાલ ગામના સંજીવકુમાર ઑડિટોરિયમમાં નાટકની સ્પર્ધા ચાલતી હતી. સ્પર્ધાનો આ પહેલો દિવસ હતો. ઘણા લોકો આ નાટકો નિહાળવા આવ્યા હતા. અહીં કુલ તેર નાટકો ભજવવામાં આવવાનાં હતાં. આ ઑડિટોરિયમમાં ખૂબ જ સારી રીતે સ્વચ્છતા જાળવવામાં આવી હતી. અહીં ઑડિટોરિયમમાં બેઠકની વ્યવસ્થા પણ ખૂબ જ સારી રીતે કરવામાં આવી હતી.

તમને સ્માર્ટફોન વિશે તો ખબર જ હશે અને તેની પાછળ લોકો કેવા ગાંડા થઈને લાગેલા હોય છે તે પણ ખબર જ હશે. ઉદાહરણ આપું તો "PUBG". થિયેટરમાં સ્માર્ટફોન, મોલમાં સ્માર્ટફોન, નાટકઘરોમાં સ્માર્ટફોન અરે એ તો જવા દો લોકો લગ્નપ્રસંગોમાં પણ સ્માર્ટફોન ટીચ-ટીચ કર્યા જ કરે. પોતાના ઓળખીતા બાજુમાં ઊભા હોય તો મોઢું ઉપર કરીને પણ ન જુએ. એ વાત તો દૂર જેનાં લગ્ન હોય અને જેણે એમને નોતરું આપ્યું હોય તેને પણ મળવા ન જાય ! ના, એટલે ઉપલા માળ જેવું કંઈ હોય કે નહિ ?

હવે આ ઑડિટોરિયમમાં પણ કંઈ એવી જ સ્થિતિ ઊભી થઈ હતી. ઑડિટોરિયમ તરફથી વારંવાર સૂચના આપવામાં આવતી હતી કે, ''પોતપોતાનો સ્માર્ટફોન સ્વિચ ઑફ કરી દેવો.'' અરે સ્માર્ટફોન સ્વિચ ઑફ કરવાની તો વાત દૂર લોકો સૂચના બરાબર રીતે સાંભળવાની પણ તસ્દી લેતા ન હતા. હવે જો સ્પર્ધા

શરૂ કરવી હોય તો સ્માર્ટફોન તો બંધ કરવો જ પડે. નહિ તો નાટક ભજવનાર કલાકારો-અભિનેત્રીઓ અને અભિનેતાઓને નાટક ભજવવામાં ખૂબ જ મુશ્કેલી પડે.

લોકો સૂચના સાંભળવાની તસ્દી લેતા જ ન હતા. તેથી હવે કંઈક તો એવું કરવું જ પડે કે જેનાથી લોકો સ્માર્ટફોન પણ સ્વિચ ઑફ કરી દે અને તેમને પસ્તાવો પણ થાય.

તો ભાઈ હવે ત્યાં હતા એક ગુજરાતીના શિક્ષક કે જેઓ એ બાબતથી વાકેફ અને નારાજ હતા કે આવાં સ્થળોએ સ્માર્ટફોનનો ઉપયોગ કરવો એ નિયમનું ઉલ્લંઘન જ છે.

તેથી તેઓ પોતાની બેઠક પરથી ઊભા થયા અને સ્ટેજ નજીક જઈ માઇક હાથમાં લીધું અને એક વાર્તા કહેવાની શરૂઆત કરી.

એક વખતની વાત છે. રામ અને રાવણનું યુદ્ધ ચાલતું હતું કે જેઓ એકબીજાના દુશ્મન હતા. ખૂબ જ અનોખી સ્થિતિ રચાઈ હતી. વાનરો અને અસુરો એકબીજાને ગમેતેમ મારતા હતા. હવે વાનરોની સેના સામે અસુરોની સેના કંઈ પણ કરી શકતી ન હતી. હવે અસુરો ધીમે ધીમે મૃત્યુ પામતા હતા. તેથી રાવણના સેનાપતિએ રાવણને કહ્યું, ‘‘હે રાવણ, આ યુદ્ધમાં આપણા પંચોતેર ટકા અસુરો મૃત્યુ પામ્યા છે. જો બધા જ અસુરો મૃત્યુ પામશે તો આપણા રાક્ષસકુળને આગળ કોણ આગળ વધારશે ? હે રાવણ, આપ કોઈ યોજના ઘડી કાઢો.’’ આ સાંભળી રાવણ થોડું હસ્યો અને બોલ્યો, ‘‘સેનાપતિ તું આ બધા જ મૃત્યુ પામેલા અસુરોનાં હાડકાં ભેગાં કર અને પછી આ હાડકામાંથી પ્લાસ્ટિક બનાવ અને પછી ભવિષ્યમાં આ પ્લાસ્ટિકમાંથી એક સ્માર્ટફોન નામનું યંત્ર બનશે અને એ યંત્રની પાછળ લોકો ગાંડા થઈને લાગી જશે તથા નિયમ તોડવાનું શરૂ કરી દેશે. અસુરોનું કામ પણ નિયમ તોડવાનું જ તો હોય છે.’’ આ સાંભળી સેનાપતિ બોલ્યો, ‘‘વાહ ! રાવણ, વાહ !’’

આ વાર્તા સાંભળી બધા જ લોકો સ્તબ્ધ થઈ ગયા અને પોતાના સ્માર્ટફોન સ્વિચ ઑફ કરી દીધા. નવાઈની વાત તો એ છે કે બધાં જ લોકોને પસ્તાવો થયો અને પછી, પછી શું ? સ્પર્ધકોએ નાટક ભજવવાનાં શરૂ કરી દીધાં.

હવેથી તમે પણ તમારા સ્માર્ટફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરજો.

**પ્રોત્સાહન ઈનામ**

**– કાપડિયા ધર્મિન દેવેનકુમાર**

*ધોરણ-૮*


*વર્ગ-એ*

*રોલ નં. ૯*

*શાળા : શ્રીમતી વી. ડી. દેસાઈ (વાડીલાલ) પ્રાથમિક શાળા*

★

# આંબાદાદાની યાત્રા



એક ગામ હતું, તેનું નામ રામપુર. તે ગામમાં એક છોકરો રહેતો હતો. તેનું નામ અમન. તે સ્વચ્છતાનો આગ્રહી હતો. અમન ઘર, શાળા કે ક્યાંય પણ જાય ત્યાં તે સ્વચ્છતા રાખતો. તેને કેરી બહુ ભાવે. તેણે ઉનાળામાં એક દિવસ કેરી ખાધી. તેણે કેરી ખાઈને ગોટલો કચરાપેટીમાં નાખ્યો.

તે કચરાપેટીમાં ગોટલાને બહુ દુર્ગંધ આવતી હતી. તેથી તે બધો કચરો હટાવીને ઉપર આવ્યો. તેને થયું કે આ ગામમાં તો શું રહેવાનું?! તેણે વિદેશ જવાનો વિચાર કર્યો. ત્યારે તેને થયું આ ગામમાંથી બહાર આવતાં આટલી વાર લાગી તો ભારતની બહાર જતાં કેટલી વાર લાગે, તો હું ભારતમાં તો જાઉં જો કોઈ સારી જગ્યા મળે તો રહું. તે ચાલતો ચાલતો પહેલાં મહારાષ્ટ્રમાં ગયો. ત્યાં તે પહેલાં મહાબળેશ્વર ગયો. ત્યાં તે ત્રણ દિવસ રહ્યો. ત્યાં તેણે ઘણા ધોધ જોયા, સૂર્યોદયની જગ્યા જોઈ, ત્યાંનાં જંગલોમાં ફર્યો પણ તેને સંતોષ ન થયો. પછી તે મુંબઈ ગયો. ત્યાં ઘણા બધા આનંદમેળા હતા, તે ત્યાં ગયો. તેને વૉટરપાર્કમાં જવાની ઇચ્છા થઈ તે ઇમેજિકાના વૉટરપાર્કમાં ગયો પણ ત્યાં તો તેને જોયા વગર લોકો ચાલી જતાં. તેને થયું કે અહીં રહીશ તો વહેલો મરીશ. તેથી તે બધા ફિલ્મના કલાકારોને મળ્યો. તેને તેમનાં બગીચામાં જગ્યા માંગી પણ કોઈ માન્યું નહીં.

તેથી તે પછી કેરેલામાં ગયો ત્યાં તેને એક કાગડો મળ્યો. તેને ગોટલાએ બધી વાત કીધી. તે કાગડાએ કહ્યું, ''તું પેરિયારના રાષ્ટ્રીય ઉદ્યાનમાં જઈ પૂછપરછ કર; કદાચ તે લોકો તને હા પાડે.'' પછી કાગડો અને

ગોટલો પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગયા. તેના માલિકે કહ્યું કે અમારે ત્યાં આંબાની જરૂર નથી અને જો અમે આંબો વાવશું તોપણ પશુ-પંખી દ્વારા તેને પીડા વધારે સહન કરવી પડશે. તેથી ગોટલો ઉદાસ થયો. તેણે ઉત્તર ભારત તરફ પગલાં માંડ્યાં. તે ગયો જમ્મુ-કશ્મીર. તેણે સાંભળ્યું હતું કે કાશ્મીર ધરતી પરનું સ્વર્ગ છે. તેને થયું કે ત્યાં તો મને રહેવાની જગ્યા મળી જ રહેશે. ત્યાં ગયો બધું ફરવાનું શરૂ કર્યું. પણ ત્યાં તેને બહુ ઠંડી લાગતી હતી. તેથી ગોટલાને થયું મારો ગ્રોથ આવી ઠંડીમાં કેમનો થશે. તેથી તે પંજાબ જવા નીકળી ગયો. ત્યાં તેને ભાંગડા કરવાની મજા પડી ગઈ પણ ત્યાં રહેવા તેનું મન નહોતું માનતું.

પછી તે ગુજરાતમાં પાછો આવ્યો. ત્યાં પહેલાં તે ગિર ગયો. ત્યાં એક ખિસકોલી તેની સખી બની. તેઓ ગિર ગયા ત્યાં પહેલાં જીપમાં બેસી ગિરની યાત્રા શરૂ કરી. યાત્રા કરી લીધા બાદ તે ત્યાંના માલિક પાસે ગયો. માલિકે કહ્યું આ રાષ્ટ્રીય ઉદ્યાન સરકારના હાથમાં છે, તમે મોદીજી સાથે વાત કરી જુઓ. ગોટલો તો ગભરાઈ ગયો પણ ખિસકોલીએ તેને હિંમત આપી. પછી ગિરના માલિકે મોદીજીને ફોન જોડ્યો અને ગોટલાને આપ્યો. ગોટલાએ મોદીજીને કહ્યું, ''હું ભારતમાં ઘણી જગ્યાએ ફર્યો પણ મને ગિરમાં રહેવાની ઇચ્છા છે.'' મોદીજીએ ગોટલાને કહ્યું, ''અમારા ગિરમાં પહેલાથી જ ઘણા આંબા છે, અમારે હવે આંબાની જરૂર નથી. એટલે તમારે બીજી જગ્યાએ જવું પડશે.'' ગોટલાએ ફરી ઉદાસ થઈ સૂર્ય મંદિર એટલે કે મોઢેરા જવા પગલાં ભર્યાં. ત્યાં ગયો તો ત્યાં જઈને ખબર પડી કે ત્યાં વૃક્ષો વાવવાની મનાઈ હતી. પછી તે રાજપીપળા પાસે સ્ટેચ્યુ ઑફ યુનિટી ગયો. ત્યાં તેણે ફ્લાવર ઑફ વેલી જોઈ. ત્યાં ઘણાં આંબા જોઈ તેણે પૂછવાની હિંમત જ ન કરી.

પછી તે સ્ટેચ્યુ જોઈ સ્ટેચ્યુની અંદર ગયો. ખિસકોલી જોડે ઘણા ફોટા પાડ્યા. ઘણા વિદેશી લોકો જોડે સેલ્ફી લીધી. પછી તે અમદાવાદ આવ્યો અને ત્યારબાદ તે ગાંધીનગર આવ્યો. ત્યાં તે રાંદેસણ ગામમાં આવ્યો. ખિસકોલીને ત્યાં તેનો પરિવાર મળી ગયો. તેથી તે જતી રહી પણ છેલ્લે તેણે ગોટલાને કહ્યું કે અહીંયા એક વિદ્યામંદિર છે ત્યાં તું જા. પછી તે ગોટલો વિદ્યામંદિર ગોતતો-ગોતતો બી. એ. પી. એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરે પહોંચ્યો. ત્યાં તેને રહેવાનું મન થઈ ગયું. તે એક બગીચામાં જઈ વસી ગયો. ધીરે-ધીરે તે ઘટાદાર આંબો બની ગયો.

ત્યાં અનેકવાર મહાન પુરુષો આવ્યા. તે આંબો ત્યાં ખુશી-ખુશી રહેતો હતો. તેનું ફિલ્મોમાં શૂટિંગ પણ થયું. વિદ્યામંદિરની દીકરીઓએ પણ આંબા સાથે મજા કરી. તેઓ આંબાને ''આંબાદાદા'' કહેતા. તેમની સાથે વાતો કરતાં પછી એક દિવસ પરીએ તેને એક સુંદર વરદાન આપ્યું.

બોધ : જેમ આંબાએ ધીરજ રાખીને તેને રહેવા માટે સારી જગ્યા મળી તેમજ આપણે પણ ધીરજ રાખવી જોઈએ.

''ધીરજનાં ફળ મીઠાં''

**પ્રોત્સાહન ઇનામ**


**– અવનિ મકવાણા**

*ધોરણ-૯*

*શાળા : બી. એ. પી. એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ*

★

# સફળતાનું ફળ



એક વાર બધા છોકરાઓનું ટોળું ભેગું થયું. તેમને ભણવું ગમતું ન હતું. તેમને સ્વચ્છતા રાખવી ગમતી ન હતી. પરીક્ષાનું પેપર તો ખરાબ જ હોય, શિક્ષક જોવે તો માથું દુઃખી જાય. તેથી તેઓને મમ્મી-પપ્પા, વડીલો, શિક્ષકોની વઢ સાંભળવી પડતી હતી. તેઓએ નક્કી કર્યું આપણે તો ભણવું જ નથી. ભણીએ તો આ બધી ઝંઝટ થાય અને ઘરે રહીએ તો ટોક-ટોક કરે તે સાંભળવાનું થાય. તેથી તેઓએ ઘર છોડીને જંગલમાં જવાનું નક્કી કર્યું.

એ દિવસ આવી ગયો. બધા છોકરાઓ જંગલમાં ભેગા થયા અને ખુશ થવા લાગ્યા. હવે તો આપણે મજા જ કરવાની ! આપણે બધા બિન્દાસ્ત અહીં રહીશું અને મોજ કરીશું. ઘરે તો બધા બોલ-બોલ કરે કે :

''તું ભણવા બેસ, તું વાંચવા બેસ,
તું ટ્યૂશન જા, તું ભણતો નથી,
તું લખતો નથી...''

અને મહામોટું એક સ્વચ્છતાનું કામ. આ બધા માટે સાંભળવાનું તો નહીં. તેવામાં તેમના શિક્ષક તેમને શોધતા-શોધતા ત્યાં આવ્યા. અને કહે 'અરે, છોકરાઓ ! શાળા છોડીને અહીં શા માટે ભેગા થયા છો ?' છોકરાઓએ કહ્યું, 'આજથી અમે ભણવામાંથી છુટકારો મેળવ્યો છે.' શિક્ષકે કહ્યું, ભણશો નહીં તો કરશો શું ? કચરા-પોતા કે પછી બીજું વિચાર્યું છે ? તેના કરતાં અત્યારે ભણી લો. ૧૫ વર્ષે કરેલી મહેનત ૫૦ વર્ષે ફળશે !'

છોકરાઓ કંઈ સમજ્યા નહીં. તેવામાં એક વાંદરો આવ્યો. તેણે કહ્યું, 'મેં તમારી વાતો સાંભળી. તમારે ભણ્યા વગર સફળતા જોઈએ છે ?' બધા તો રાજીના રેડ. બધાએ હા પાડી. તો વાંદરાએ કહ્યું, ''તમે બધા બ્રહ્માજીનું તપ કરો તે તમને સફળતા આપશે.'' છોકરાઓએ ઘણા દિવસો તપ કર્યું ત્યારે બ્રહ્માજી પ્રસન્ન થયા, અને છોકરાઓને પૂછ્યું ''બોલો શું કામ પડ્યું ?'' છોકરાઓ કહે, 'અમને ભણ્યા વગર સફળતા જોઈએ છે.' બ્રહ્માજીને થયું છોકરાઓ આળસુ છે. તેમને મહેનતનો પાઠ શીખવવો જ પડશે. તેમણે કહ્યું હું સ્વર્ગલોકમાંથી છોકરાઓને અહીં મોકલું છું એ તમારાં જેવડાં જ બાળકો હતાં. તેમણે શું કર્યું હતું તે જણાવશે અને એક-એક ''સફળતાનું ફળ'' આપશે.

પછી તો સ્વર્ગલોકમાંથી ધ્રુવજી પ્રગટ થયા. તેમણે કહ્યું : હું નાનો હતો ત્યારે મારી માતાએ ભગવાન મેળવવાનો ધ્યેય આપ્યો હતો. અને મેં કઠિન પરિસ્થિતિમાં તપ કર્યું ત્યારે વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા. અને તેમના વરદાનથી હું આજે એક અચળ અમર તારો છું. માટે, સફળતા મેળવવા ધ્યેય રાખવો પડે. સફળતાનું પહેલું ફળ :

A = AIM

પછી તો સ્વર્ગલોકમાંથી ચાણક્ય આવ્યા. તેમણે બાળકોને પ્રયોગ કરાવ્યો. તેમણે બધાં બાળકોને ગરમ-ગરમ ખીચડી આપી અને બધાને ભૂખ લાગી હોવાથી તરત જ આંગળી ખીચડીમાં બોળી દીધી. પછી તો કોઈના હાથ દાઝી ગયા અને ખીચડી ખૂબ ગરમ લાગી. પછી બધાને ચમચી આપી. તો કોઈના હાથ દાઝ્યા નહીં અને બધા શાંતિથી જમ્યા. પછી ચાણક્યએ કહ્યું જો તમને વિશ્વાસ હતો કે હાથમાં ચમચી છે એટલે કશું જ નહીં થાય. તેવી રીતે સફળતા મેળવવા માટે પણ તમારે વિશ્વાસ રાખવો જરૂરી છે. તમારા ધ્યેય ઉપર વિશ્વાસ રાખો. જેવી રીતે વરદરાજ જેવાં ઘણાં બાળકોએ રાખ્યો હતો અને સૂત્ર આપ્યું :

B = Believe

પછી તો સ્વર્ગલોકમાંથી અર્જુનજી આવ્યા. તેઓએ ધનુષ્ય વડે બાળકોને પક્ષીની આંખ વીંધી બતાવી. બધા તાળીઓ પાડવા લાગ્યા. અર્જુને પૂછ્યું, 'તમને શું ખબર પડી ?' બાળકોને તો રમત લાગી હતી. તેથી તેઓ કશું બોલ્યા નહીં. તેઓ ચૂપચાપ ઊભા રહ્યા. ત્યારે અર્જુને સફળતાનું ત્રીજું ફળ આપતાં કહ્યું : 'તમારે એકાગ્રતા રાખવાની. એકાગ્રતાથી કામ કરો તો જરૂર સફળતા મળે.' અને ત્રીજું ફળ આપ્યું :

C = Concentration

પછી સ્વર્ગલોકમાંથી અષ્ટાવક્ર ઋષિ પધાર્યા. તેઓના આઠેય અંગ વાંકાં જોઈ બાળકો હસવા લાગ્યાં.

અષ્ટાવક્ર ઋષિ કંઈ બોલ્યા નહીં. તેઓએ કહ્યું તમે જેવી રીતે મારી હાંસી ઉડાવી એવી જ રીતે બધા ઉડાવતા હતા. પણ આજે હું પ્રખ્યાત છું. બધા મને યાદ કરે છે. હું જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે મારા પિતાજી રોજ ભગવાનનો પાઠ કરતા અને એક દિવસ ભૂલ પડવાથી મેં તેમની ભૂલ બતાવી. તેમણે મને શાપ આપ્યો અને કહ્યું કે હજુ તો તું માતાના ગર્ભમાં છે ને મને ઉપદેશ આપે છે ?! આ માટે તારા આઠેય અંગ વાંકાં થશે અને હું જન્મ્યો ત્યારથી જ આઠેય અંગે વાંકો થયો. મારી ગમે તેટલી મજાક કરે પણ હું મારી હિંમત મારી જાતે વધારતો. મને કંઈ જ ફેર ન પડતો અને હું આજે મારા હોંસલાના કારણે પ્રખ્યાત થયો. માટે ચોથું ફળ છે :

D = Determination

પછી સ્વર્ગલોકમાંથી થોમસ આલ્વા એડીસન આવ્યા. તેમણે આપણને બલ્બની ભેટ આપી છે. તેમણે કહ્યું કે મારા ૯૯૯ પ્રયોગ પછી મને સફળતા મળી. હું એક પણ વાર હાર માની બેસી નથી ગયો. સખત પ્રયત્ન અને પુરુષાર્થ કરી સફળતા મેળવી છે. માટે હારી નહીં જવાનું. પાંચમું ફળ છે :

E = Efforts

પછી આવ્યા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ. તેમને આખા ભારતદેશને અલગ બનાવવો હતો. તેઓ મિસાઈલમેન હતા. તેમણે પણ બાળકોને કહ્યું : મને મારા કાર્ય પર શ્રદ્ધા હતી. આ બધું જોઈતું હોય તો શ્રદ્ધા જરૂરી છે. મને ભગવાનમાં શ્રદ્ધા હતી. તેઓ જે કરશે તે સારું જ કરશે. અને મેં મારા છેલ્લા ગુરુ પ્રમુખસ્વામી મહારાજને બનાવ્યા હતા. મને તેમનામાં પૂરી શ્રદ્ધા હતી. માટે શ્રદ્ધા વગર કશું જ શક્ય નથી. તેમણે સફળતાનું છઠ્ઠું ફળ આપ્યું :

F = Faith

હવે છેલ્લે આવ્યા ગાંધીજી – ભારત દેશના રાષ્ટ્રપિતા. તેમણે કહ્યું બાળકો તમે બધું જ કરશો. ધ્યેય, આત્મવિશ્વાસ, એકાગ્રતા, મહેનત, શ્રદ્ધા રાખશો પણ જો એ બધું જ કામ સ્વચ્છ અને સુંદર રીતે કરશો તો સફળતા મેળવતાં તમને કોઈ નહીં રોકે. માટે પરીક્ષાના પેપર લખો તો સ્વચ્છ અને સુંદર અક્ષરે લખો. જેથી સારામાં સારું પરિણામ મળશે. મોટા થઈ કંઈક બનો તો ત્યાં પણ સ્વચ્છતા રાખો. કચરો મળે તો લઈ લો અને દેશને સ્વચ્છ બનાવો. આમ, તેમણે છેલ્લું અને સાતમું ફળ આપ્યું : સ્વચ્છતાનું. સ્વચ્છતા રાખવા માટે દેશમાં વૃક્ષો વાવવાં, જાતે કામ કરવું. તો મગજ પણ શુદ્ધ રહેશે અને સફળતા મળશે.

G = Green India

અંતમાં આ બધાને સફળતા મળી જ છે. ધ્રુવ, ચાણક્ય, અર્જુન, અષ્ટવક્ર, થોમસ આલ્વા એડીસન, અબ્દુલ કલામ અને ગાંધીજી. અત્યારે આખી દુનિયામાં પ્રખ્યાત છે. બધાને તેમનામાંથી પ્રેરણા મળે છે. માટે કામ કરવું તો આવું કરવું અને આળસ-પ્રમાદ છોડવાં. ભણવામાં રસ લગાડવો તો સફળતા જરૂર મળે એટલે કે એક એક પગથિયું ચડતાં પહોંચો.

S = Success

બધા છોકરાઓને પ્રેરણા મળી અને સફળતાનાં શિખરો ચડતા થયા.

બોધ : જીવનમાં અમુક વ્યક્તિઓ સફળ થાય છે. તેઓ કામ તો એ જ કરે છે પણ કામને અલગ ઢંગથી કરે છે.

A + B + C + D + E + F + G = S

A = AIM

B = Believe

C = Concentration

D = Determination

E = Efforts

F = Faith

G = Green India / Clean India / Clean Mind

S = Success

**પ્રોત્સાહન ઈનામ**

**—આયુશ્રી નકુમ**

*ધોરણ-૧૦*

*સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ*

★

# ડોસી ડોસાને ખાઈ ગઈ



ભારત જેવા ખૂબ જ મોટા દેશમાં આજે સ્વચ્છતાનો અભાવ છે. ભારતમાં સ્વચ્છતા આવવાથી દેશનો વિકાસ થશે. માટે આપ જો મારી આ નાનકડી વાર્તા વાંચતા હોવ તો આપ સ્વચ્છતા જાળવજો મારી આ નાનકડી વિનંતી છે અને આપના મિત્રોને પણ કહેજો.

એક ગામડાના ડોસી અને બાપા સુરત એના દીકરાના ઘરે રજામાં આંટો મારવા ગયાં. હવે સુરત એટલે ખાણીપીણી માટે બહુ જ વખણાય. એટલે એમાં એક દિવસ એનો દીકરો માજી અને બાપાને બહાર હૉટલમાં જમવા લઈ ગયો. માજી અને બાપાએ પહેલી વાર ઢોસો ખાધો, સંભાર સાથે એટલે મજા પડી ગઈ.

નવી વાનગી ને નવો સ્વાદ ચાખીને ડોસીએ તો એની રેસેપી જાણી લીધી. માજીને તો દાઢે સ્વાદ લાગ્યો અને બાપાને પણ. એટલે નક્કી કર્યું કે ગામડે જઈને પણ બનાવીશું ઢોસા. આમ દિવસો વીતતા ગયા ને ૨૦ દિવસ થઈ ગયા. હવે તમણે દીકરાને કહ્યું કે હવે અમે ગામમાં પાછા જઈએ છીએ.

બીજા દિવસે તો બંને પાછા ગામમાં આવી ગયાં અને બન્યું એવું કે બાપાને વ્યવહારિક કામ માટે

બહારગામ જવાનું હતું. એટલે એ તો જતા રહ્યા. એમાં બરોબર ડોસીને ઢોસા ભુલાઈ ગયું ને ડોસા યાદ રહી ગયું. એમાં ૧૦ વાગ્યે ડોસીની બહેનપણી જયાબહેન આવ્યાં.

એટલે બેય ડોસી વાતુએ ચડી ગયાં. એમાં વાત ઉપર વાત આવી એટલે ડોસીએ જયાબહેનને કહ્યું કે અમે એક દિવસ સુરત હૉટલમાં ગયા અને ત્યાં અમે ડોસા ખાધા. એ પણ સંભાર સાથે. જયાબહેને એ નામ પણ પહેલી વાર સાંભળ્યું હતું. એમાં પણ ડોસી પહેલાં ઢોસાને બદલે ડોસા બોલ્યા એટલે અહીં ગેરસમજ થઈ.

તેમને લાગ્યું કે આ ડોસી ડોસાને ખાઈ ગઈ એ પણ દાળમાં બોળીને અને એમાંય ડોસા બહાર ગયા હતા. પછી તો તે ઘરે ગયા અને રસ્તામાં જે મળે તેને આ વાત કરતા. એટલામાં તો આખા ગામમાં ફેલાઈ ગયું કે ડોસી ડોસાને ખાઈ ગઈ.

બીજે દિવસે સવારે બા ઢોસાનો સામાન લેવા કરિયાણા પાસે ગયા ત્યાં તેમને ઢોસાનો સામાન માગતા કહ્યું કે ડોસાનો સામાન લાઓ. ત્યાં ચાર ડોસા બેઠા હતા. આ સાંભળતાં જ તેઓ ચંપલ મૂકીને એવા ભાગ્યા કે ગામ બહાર ભાગી ગયા.

પછી તો બધા ગામના લોકો ડોસીને ઘેર પહોંચ્યા ને સંતાઈ ગયા. એક જણાએ કહ્યું કે શાંતિથી જોજો કે આ ડોસી ડોસાને કઈ રીતે ખાય છે. ને ગામમાં તો જાણે કરફ્યૂ થઈ ગયો. એટલામાં કરશનબાપા ઘરે આવી પહોંચ્યા.

‘‘આખું ગામ અટાણે મારા ઘરે કેમ છો ?’’ કરશનબાપાએ પૂછ્યું. કરશનબાપાને જોઈને ગામના લોકોને લાગ્યું કે ભૂત છે. બધા ભાગ્યા.

પછી કરશનબાપાએ બધાને સમજાવ્યા કે ડોસી ઢોસાને બદલે ‘‘ડોસા’’ બોલી ગઈ ને હું પણ બહાર-ગામ ગયો હતો.

**પ્રોત્સાહન ઈનામ**

**– પટેલ માનવ એમ.**
*ધોરણ-૮-બી*
*શાળા : પરફેક્ટ સ્કૂલ, અકોદરા*

★★★